# આધ્યાત્મિક કેડી

તંત્રી - સંપાદક : કૈલાસબહેન એન. પરીખ

**પરમ શક્તિ મંત્ર**

**ૐ મા ૐ**



**રાજ્યોગી નરેન્દ્રજી**

**ૐ**
**મા**
**ૐ**

**ૐ**
**મા**
**ૐ**

**ૐ ભૂર્ભુવઃ સ્વઃ ૐ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત ૐ ।।**

(વર્ષ ૧૭) એપ્રિલ - ૧૯૯૮ (અંક ૧)

Scanned by CamScanner

વર્ષ : ૧૭
અંક : ૧

# આધ્યાત્મિક કેડી

એપ્રિલ
૧૯૯૮

શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ : અમદાવાદ-૩૮૦ ૦૧૫.

પરમ શક્તિ મંત્ર
ૐ મા ૐ



રાજ્યોગી નરેન્દ્રજી

વાર્ષિક લવાજમ
રૂપિયા દસ (૧૦/-)

ૐ

❀ પ્રકાશક ❀
શ્રી કૈલાસબ્હેન એન. પરીખ,
શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ,
'નીલોષા' બંગલો, ત્રિમૂર્તિ
સોસાયટી, ગવર્નમેન્ટ પાંચ
બંગલા પાસે, ગુલબાઈ ટેકરા,
અમદાવાદ-૩૮૦ ૦૧૫.

## અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પાન નં. |
|---|---|---|
| ૧. | શિવ અને જીવ-પૂ. રાજયોગી નરેન્દ્રજી.... | ૧ |
| ૨. | દધિ મંથન - પ્રશ્નોત્તરી.................. | ૫ |
| ૩. | ક્રાંતિ ચક્ર - પૂ. રાજયોગી નરેન્દ્રજી....... | ૭ |
| ૪. | દિવ્ય દૃષ્ટિ - પૂ. રાજયોગી નરેન્દ્રજી...... | ૧૧ |
| ૫. | આધ્યાત્મિક યાત્રા.......................... | ૧૪ |
| ૬. | દિવ્ય પ્રશ્નોત્તરી.......................... | ૧૫ |
| ૭. | સમાચાર.................................. | ૧૮ |
| ૮. | કૃષ્ણનો સંદેશ વ્રજવાસીઓને............ | ૧૯ |
| ૯. | સહજ ઉપાસના ઉદ્‌ગાતા.................. | ૨૪ |
| ૧૦. | ઉપાસનાદિન-પાટોત્સવ - શ્રી હેમંતભાઈ... | ૨૫ |
| ૧૧. | કુટીર છે કલામંદિર - શ્રી હેમંતભાઈ...... | ૨૮ |
| ૧૨. | પરમ શક્તિ ચાલિસા........................ | 30 |
| ૧૩. | પરમ શક્તિ હે.............................. | ટાઈટલ-૩ |
| ૧૪. | પૂ. રાજયોગીજીનો વિદેશ કાર્યક્રમ........ | ટાઈટલ-૪ |


ૐ મા ૐ



મુદ્રક : ગાયત્રી ટ્રેડર્સ - રાધાવલ્લભજીના મંદિર પાસે, જવાહરચોક, મણિનગર, અમદાવાદ-૮. ફોન નં. : ૩૭૮૫૦૦

Scanned by CamScanner

# "શિવ અને જીવ"

સાતમી સપ્ટેમ્બર ૧૯૯૭ પૂજ્ય રાજયોગી નરેન્દ્રજીના પ્રાગટ્ય દિવસને માનવતા દિન તરીકે ઉજવવામાં આવે છે.

અમદાવાદમાં પી. જી. મહેતા હોલમાં માનવતા દિનની ઉજવણી પ્રસંગે ભક્ત સમુદાય સમક્ષ પોતાનો આધ્યાત્મિક અભિગમ દર્શાવતાં શિવ-જીવના મિલન અંગેની સમજ સાદી સરળ ભાષામાં વ્યક્ત કરી છે.

## "શિવ અને જીવ"

ગાયત્રી માતાના વહાલાં બાળકો,

આજે શિવ-જીવના સબંધ અંગે થોડી વાતો કરીએ. મારૂં વક્તવ્ય મારા મંતવ્ય અને અનુભવોને આધારે છે.

શિવ-જીવ અંગે આપને મૂંઝવતા કેટલાક પ્રશ્નોની અત્રે છણાવટ કરૂં છું.

આત્મા એ પરમાત્માનો અંશ છે, એ હકીકત આપણા શાસ્ત્રોમાં વર્ણવી છે. આત્મા જો પરમાત્માનો જ અંશ છે તો પછી તેનામાં પરમાત્માની શક્તિ અને સદ્‌ગુણોની અધૂરપ કે અભાવ શા માટે વર્તાય છે? દેહ ધારી આત્મા સુખી કે દુ:ખી શા માટે બને છે?

એક દૃષ્ટાંત સાથે આ પ્રશ્નને સમજવાનો પ્રયત્ન કરીએ. ધાર્મિક આચાર વિચાર અને સંસ્કારી પિતાનો એક પુત્ર ભણવા માટે પરદેશ જાય છે. ભણી ગણીને સારા પગારની નોકરીમાં તે ત્યાંજ સ્થિર થાય છે. શરૂઆતના દિવસોમાં તે પિતાજી સાથે પ્રેમાળુ સબંધ રાખતો, નિયમિત પત્ર લખતો, ટેલિફોન કરતો.

માતા પિતાની યાદ આવતાં આંખમાંથી હર્ષાશ્રુ વહી જતાં. સમય જતાં દિકરાએ ધંધો વિકસાવ્યો. પોતાનું મિત્ર વર્તુળ વિકસ્યું. પોતાની સ્થિતિ, બુધ્ધિ અને રૂચિ અનુસાર આનંદ પ્રમોદના સાધનો, વાતાવરણ વિગેરે વિકસાવ્યાં. યુવાનીમાં પ્રવેશતાં ઘરસંસાર માંડયો. પત્નિ અને બાળકોનો પ્રેમ મળવા માંડયો. સંસારમાં આસક્તિ વધવા માંડી. સમય ઓછો પડવા લાગ્યો. પિતા પ્રત્યેના પ્રેમની માત્રા સમયના વહેણમાં ઓસરવા લાગી. ક્યારેક પિતાની યાદ આવી જાય પરંતુ સંસારની માયા, આકર્ષણ, ફરજ અને સમયના અભાવે પિતાજી સાથે નિકટતા કેળવી શકતો નહીં.

શરીર ધારી જીવાત્મા પરમાત્માનો પુત્ર, પરમાત્માનું સંતાન છે, પરમાત્માનો અંશ છે. જીવાત્માએ શરીરમાં પ્રવેશ કર્યા પછી તે પંચમહાભૂતથી બનેલા શરીરના આવરણમાં આવી જાય છે. પરમાત્માએ જીવનું સ્થાન શરીરની અંદર હૃદયમાં-અંતરમાં મુકરર કર્યું છે, જેથી તે પરમાત્મા સાથે સતત અનુસંધાન કરી શકે.

બાલ્યાવસ્થા દરમિયાન જીવ હૃદયમાં જ નિવાસ કરે છે અને શિવ પરમાત્માની સતત હાજરીનો અહેસાસ કરી શકે છે. શિવ અને જીવ બાલ્યાવસ્થા દરમિયાન સાથે જ હૃદય સિંહાસન પર, અંતરાત્મામાં બિરાજીત હોય છે. જીવનકાળ દરમિયાન જીવ, શરીરના કર્મો ફરજની રૂએ, અને, અથવા આશક્તિ યુક્ત કરવામાં પ્રવૃત્ત બની જાય છે.



Scanned by CamScanner

પંચમહાભૂતો - પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ, આ પદાર્થોનું સમતોલપણું શરીરને સ્વસ્થ અને આરોગ્યપ્રદ, તંદુરસ્ત બનાવે છે. આ પંચપદાર્થોની અસમતોલ માત્રા હોય તો શરીર અને મનની અસ્વસ્થતા, અનારોગ્યતા વર્તાય છે. સૃષ્ટિના દરેક જડ ચેતન પદાર્થો આ પંચમહાભૂતોથી જ બનેલા છે.

મનુષ્ય શરીરમાં આ પંચમહાભૂતોની સમતુલન અથવા વધતી ઓછી માત્રાને કારણે શરીરની અને મનની ત્રણ પ્રકારની પ્રકૃતિ ઘડાય છે. વાત, પિત્ત અને કફ પ્રકૃતિ શરીરને અસર કરે છે.

સત્ત્વ, રજસ અને તમસ પ્રકૃતિ મનને અસર કરે છે. શરીર અને મન એકબીજાના પૂરક હોઇ આ પ્રકૃતિની અસર આખા જીવન પર પડે છે. શરીર અને મન પર પંચમહાભૂતોની અસર ઉપરાંત ઘણી વખતે કૌટુંબિક કે માતા પિતાનો શારીરિક અને માનસિક પ્રકૃતિનો વારસો પણ બાળકમાં ઉતરી આવે છે. ઉપરાંત વાતાવરણ, શિક્ષણ, સ્વભાવ, આહાર, વિહાર અને રહેણી કરણીની આદતોમાંથી પણ શરીર અને મનની વિકારી કે અવિકારી પ્રકૃતિ ઘડાય છે.

મનની સાત્વિક પ્રકૃતિથી જીવાત્માનું સ્થાન શિવની સાથે હૃદયમાં જ રહે છે. અને અંતરાત્માના અવાજને સહેલાઇથી ઝીલી શકે છે. મનની રજસ અને તમસ પ્રકૃતિથી જીવાત્માને બુધ્ધિનો સંગ લાગે છે અને તે બુધ્ધિમાં - મગજમાં સ્થિત રહે છે, જેથી અંતરાત્માનો અવાજ સાંભળવા છતાં બુધ્ધિનું પ્રાધાન્ય હોવાથી તેનો અમલ કરી શકતો નથી.

શરીર અને મનની આ ત્રણ પ્રકૃતિમાંથી જ મનુષ્યનો સ્વભાવ ઘડાય છે. ષડ્વૃત્તિઓ - કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સરનું આગમન પણ આ પ્રકૃતિમાંથી જ ઉદ્‌ભવે છે. જીવાત્મા શરીરની આ પ્રકૃતિમાં ફસાય છે, તેને આધીન બને છે. શરીરની એષણાઓ, મનના આવેગો સંતોષવા તે ષડ્વૃત્તિઓનો ઉપયોગ કરે છે. કામેષણા સંતોષવા તે સંસ્કારી બને છે. લગ્ન કરે છે. બાળકો પેદા કરે છે. અર્થોપાર્જન કરે છે, અને જીવન સંચાલન માટે જરૂરી વસ્તુઓ પેદા કરે છે, મેળવે છે. એષણાઓ સંતોષવા અનુકૂળ વસ્તુ, વ્યવહાર કે વાતાવરણ ન મળે તો તે અધીરો બની જાય છે, વિવેક શક્તિ ગુમાવી બેસે છે, ક્રોધ અને ઇર્ષ્યાનો આશ્રય લઇ દુ:ખી બને છે.

વધુ ધન વૈભવ, માન મરતબો, કીર્તિને કુટુંબ વિસ્તાર વધારવાનો મોહ, અને લોભ તેને દુષ્કૃત્યો કરવા પ્રેરે છે. અને તે પાપની ગતિમાં ધકેલાય છે. અન્ય સમોવડિયા વ્યક્તિની ઉન્નતિ કે સફળતા તે સહન કરી શકતો નથી.

ઇર્ષ્યાની આગમાં તે અન્યનું બુરૂં કરવા પ્રેરાય છે અને પોતે પાપને નોતરે છે.

આમ ષડ્વૃત્તિઓનું નિયંત્રણ ન કરી શકવાથી તે બેકાબુ બને છે. તેનો અતિરેક વધી જાય છે મનુષ્ય દુર્ગુણોને દુરાચારીઓનો આશ્રય લે છે. અને અધ:પતનની ખાઇમાં ધકેલાતો જાય છે. પરમાત્માનું સ્મરણ થવા છતાં આ બધા દુર્ગુણોને દુર્વૃત્તિઓનું આવરણ તેને સત્સંગ અને સંતસમાગમથી દૂર રાખે છે.

સંસારની વેલ પ્રાંગરતી જાય છે, તેમ તેના મૂળ વધારે ઊંડા અને મજબૂત બનતા જાય છે. દિકરા વહુ, દિકરી જમાઇ અને તેમનો પરિવાર, સગાંસબંધીનો શંભુમેળો તેને ફરજ અને મમતાની પકડમાં જકડી રાખે છે. ભક્તિ, પ્રભુ સ્મરણ માટેના સમય અને શક્તિમાં અંતરાય રૂપ, નડતર રૂપ નીવડે છે. છેવટે ઔપચારિક રીતે તે પરમાત્માના સ્વરૂપ દર્શન કરી સંતોષ માને છે. મન એષણાઓ અને સંસારમાં



Scanned by CamScanner

ભટકતું થઇ જાય છે. ઇન્દ્રિયો બેકાબુ બની જાય છે, અનિયંત્રિત થઇ જાય છે. માયાનો મહાસાગર એટલે બધો ડહોળાઇ ગયો હોય છે કે તેનું શ્રધ્ધા અને ભક્તિરૂપી વહાણ સ્થિર થઇ શકતું નથી.

સમયના વહેણમાં શરીર જર્જરિત થતું જાય છે. શરીર દ્વારા થયેલાં સારા, માઠાં કર્મોનું ભાથું બંધાતું ગયું હોય છે. જર્જરિત શરીરમાંથી વાયુ-પ્રાણતત્ત્વ નષ્ટ થતાં શરીર અચેતન બની જાય છે, મૃત્યુ પામે છે, જીવાત્મા દેહમાંથી મુક્ત બને છે, પરંતુ પેલાં આસક્તિ યુક્ત કર્મોમાંથી તે મુક્ત થઇ શકતો નથી. તે કર્મો સાત્ત્વિક કે અસાત્ત્વિક, તેનું પ્રારબ્ધ બને છે. તે કર્મો ભોગવવા માટે જીવાત્માએ જીવન ધારણ કરીને જન્મ મરણના ચક્રમાં અટવાવવું પડે છે.

જીવ એ શિવ-પરમાત્માનો જ અંશ છે તો પછી પોતાના જ અંશને સંસારમાં, માયાના મોહપાશમાં બાંધવાની શી જરૂર પડી? તેવો પ્રશ્ન સામાન્ય રીતે મનમાં ઉદ્‌ભવે છે.

શિવે સર્જી સૃષ્ટિ<br>
નિજ આનંદ કાજ<br>
પંચમહાભૂતમાં પ્રાણ પૂરીને<br>
રચાવી જીવ સૃષ્ટિ<br>
અગણિત યોનીઓમાં<br>
માનવ બન્યો શીરમોર<br>
મન બુધ્ધિનું મરકટ મૂકી<br>
કર્મ બંધનનું ચક્ર રચાવ્યું<br>
જન્મ મરણના આંટા ફેરામાં<br>
જીવ સપડાયો, માયામાં ફસાયો<br>
માયાના મહાસાગર મધ્યે<br>
રાખી સત્‌ પ્રકાશની દીવાદાંડી<br>
સંત સમાગમ, સદ્‌ગુરૂનું શરણું<br>
નિર્લેપ અનાસક્ત ભાવ જગાડે<br>
કર્મ બંધનથી છોડાવે<br>
શિવ-જીવનું મિલન કરાવે.

શિવ પરમાત્માએ પોતાના આનંદ માટે સૃષ્ટિ ઉત્પન્ન કરી. પરમાત્માએ જડ, ચેતન, સજીવ, નિર્જીવ ગોચર અને અગોચર સૃષ્ટિમાં અગોચર રૂપે તેનો વાસ રાખ્યો. ગોચર અગોચરમાં વ્યાપ્ત હોવા છતાં તે ચર્મચક્ષુથી દૃષ્યમાન થતો નથી. જીવ પણ શરીરમાં રહેવા છતાં ક્યાં દેખાય છે? જીવ અંતરાત્મા રૂપે શરીરમાં બિરાજીત છે. તેનું અસ્તિત્ત્વ જ શરીરને ટકાવી રાખે છે.

આ જીવ અને શિવને નિરખવા કઇ રીતે? જીવ અને શિવનું મિલન કઇ રીતે થઇ શકે? જીવ અને શિવના દર્શન કરવા માટે આંતર દૃષ્ટિ કેળવવી પડે. આંતર ચક્ષુ ખોલવા પડે. ભાવ જગતમાં ડૂબી જવું પડે. નિતાંત, નિર્દોષ અને નિર્મળ ચારિત્ર્ય ઘડવું પડે. ચારિત્ર્ય શુધ્ધિ કરવી પડે. યોગી બનવું પડે,



Scanned by CamScanner

સાત્વિક ગુણોને વિકસાવવા પડે, મન, વચન, કર્મની ઐકયતા રાખવી પડે. માનવતાનું આચરણ કરવું પડે. નવ સિધ્ધાંતોને જીવનમાં આત્મસાત્ કરવા પડે.

જ્ઞાન, ભક્તિ અને કર્મમાં નિર્લેપ અનાસક્ત ભાવ કેળવવો પડે. અનાસક્ત ભાવ કેળવવાથી જીવાત્માનું બધું જ કર્મ પ્રભુપ્રિત્યર્થે જ થાય. તેનું સમસ્ત અસ્તિત્વ પરમાત્માની ઇચ્છા જ સર્વોપરી ગણાય. સર્વત્ર પરમાત્માની હાજરી અનુભવાય. ત્યારે જીવાત્માએ ધારણ કરેલ શરીર એક તીર્થધામ બની જાય.

આવી પરિસ્થિતિ નિર્માણ થાય ત્યારે જ જીવ અને શિવ અભિન્ન બની જાય. જીવ અને શિવનું મિલન થઇ જાય. કર્મ બંધનથી મુક્ત થયેલો જીવાત્મા પૃથ્વી પર જન્મધારણ કરી કર્મ ભોગવતો નથી, પરંતુ તે સાત્ત્વિક પુણ્યશાળી જીવાત્માનું પૃથ્વી પર પરમાત્માની ઇચ્છાનુસાર અવતરણ થાય છે, પ્રાગટ્ય થાય છે. તે સંત કે સદ્‌ગુરૂ બને છે. સાત્ત્વિક સૃષ્ટિ નિર્માણ કરવામાં પ્રવૃત બને છે.

ટૂંકમાં જણાવુ તો બાળક જ્યારે જન્મે છે ત્યારે જીવ અને શિવ સાથે જ હોય છે. બાળક મોટો થતાં માયાની રજસ અને તમસ પ્રકૃતિમાં ફસાતાં, ષડ્‌વૃત્તિઓના આવરણમાં અટવાઇ જતાં બુધ્ધિના પ્રદેશમાં એટલે કે મગજમાં આવી જાય છે અને શિવથી તે છૂટો પડી જાય છે. અને કર્મ બંધનમાં ફસાઇ જાય છે.

ફરીથી પાછા શિવ-જીવનું મિલન કરવું હોય તો બાળકના જેવી નિર્દોષતા, નિર્મળતા, શરણાગતિ કેળવવામાં આવે તો જ તે શક્ય બને.

## પૂ. રાજયોગી નરેન્દ્રજીની મુલાકાત

આધિ, વ્યાધિ, ઉપાધિથી ત્રસ્ત કોઈ પણ વ્યક્તિ જ્ઞાતિ, જાતિ કે સમ્પ્રદાયનાં બંધનો સિવાય, વિનામૂલ્યે પૂ. રાજયોગી નરેન્દ્રજીની મુલાકાત લઈ માર્ગદર્શન મેળવી શકે છે. પૂજ્યશ્રીની પ્રત્યક્ષ મુલાકાત શક્ય ન બને તો પણ દરરોજ અડધો કલાક પરમશક્તિ મંત્રજાપને જીવનના અનિવાર્ય દૈનિક કાર્યક્રમમાં વણી લેજો.

**મુલાકાત સ્થળ** : 'નીલોષા' બંગલો, ત્રિમૂર્તિ સોસાયટી, ગવર્નમેન્ટ પાંચ બંગલા પાસે, ગુલમોર ફ્લેટ્સ પાછળ, ગુલબાઈ ટેકરા, અમદાવાદ-૧૫.

**સમય** : બપોરના ૧૨-૦૦ થી ૨-૦૦ (૧૦૧ વ્યક્તિને મુલાકાત)

**શનિ-રવિ તથા જાહેર રજાના દિવસે મુલાકાત બંધ**

પૂ. રાજયોગી નરેન્દ્રજી આપના પત્રો વાંચે છે. પરંતુ લેખિત જવાબ પાઠવતા નથી.

શારીરિક-માનસિક તકલીફવાળા દરેક વ્યક્તિએ સ્વચ્છ કરેલી બે ચમચી મેથી અને બે ચમચી રાઈ એક મહિના માટે અભિમંત્રિત કરાવવા સાથે લાવવાં જરૂરી છે. પાણીની બાટલી સાથે લાવવી જરૂરી નથી.



Scanned by CamScanner

# "દધિ મંથન"

માનવતા દિન સાતમી સપ્ટેમ્બર ૧૯૯૭ ના દિવસે પી. જી. મહેતા હોલમાં રાજકવિ સતીષભાઇએ રાજયોગીમાં રહેલાં ગર્ભિત માખણને મંથન કરીને જન સમાજને પીરસવાનો નમ્ર પ્રયાસ કર્યો છે.

પ્રશ્નો સતીષભાઇના, ઉત્તરો રાજયોગીજીના છે.

**પ્રશ્ન-૧.** છે માંડવો પાનખરનો પરંતુ
વિંટળાઇ શાને રહી છે વસંતો?

**જવાબ-૧.** પાનખર વિંટળાઇ માતના સ્પર્શે
ફરકે વસંતો માતની અમી દષ્ટિ થકી.

**પ્રશ્ન-૨.** ઘણું ખેલી લઉં સાતમી સાથ કિંતુ
વસંતો વધાવે છે પાનખરને શાને?

**જવાબ-૨.** જીવન બાગમાં વસંત પાનખરનો સંયોગ
પાનખર પલટાયે વસંતોમાં
સાતમી ખેલાતી રહે
માત મલકાતી રહે.

**પ્રશ્ન-૩.** હઠાવી શકું છું હટાગ્રહ પરંતુ
પ્રેમાક્રમણ આવવાને કરૂં શું?

**જવાબ-૩.** પ્રેમની મસ્તીમાં ઓગળી જાય
સમસ્ત અસ્તિત્ત્વ
હઠાગ્રહ હઠાવી
સ્નાન કરો પ્રેમ સરિતામાં.

**પ્રશ્ન-૪.** પ્રતિક્ષા તને હોય, મને હોય ત્હારી
મિમાંશા બની જાય તો મારી-તારી
મિલનના ફુલો તો ખીલે છે, ખરે છે.
બધું શક્ય પણ શક્ય ના હોય શાને?

**જવાબ-૪.** પ્રતિક્ષા મા બાળને ઉભયની
પરિણમે મિલન પ્રતિક્ષાનું
મિલનનો પમરાટ મહેંકી ઉઠે
વાયુ પ્રસારે દિવ્ય સુવાસ
સમસ્ત અસ્તિત્ત્વ પુલકિત થાયે
પરમનો અહેસાસ આપે
શરણાગતિ સમસ્ત અસ્તિત્ત્વની આવી પડે.

**પ્રશ્ન-૫.** ઉઠી ઉંઘમાંથી સફાળી અમારી
યુવાની, નિરખવા તમારી તમારી
ઉમંગો ઉઠ્યા છે ઉજવવા અહીં પણ
સૌ સાતમી ભેગી થૈ કયમ નાંવે?

**જવાબ-૫.** મારી તમારી યુવાનીમાં ફરક
વસંતી વાયરા સદા વહેતા રહે
યુવાની સદા જાગતી મારી
સાતમી સાથ રાજયોગી એક જ આવે
આવો અહીં ઉજવવા ઉમંગો
માયા વિસારી, માણો નિજાનંદની મસ્તી.

**પ્રશ્ન-૬.** તમે છો, તમારી છે પણ યાદ કેવી?
સ્મૃતિને હશે આટલી ધાર શાને?

**જવાબ-૬.** મુજ યાદમાં માત અહર્નિશ
માતની કૃપા, મુજ સ્મૃતિ ધારદાર
માણો સદાયે સત્સંગની મઝા
સ્મૃતિ શૃંખલાઓ બની જાશે હાર-માળા.

**પ્રશ્ન-૭.** હસી તો જાણીએ છે પરંતુ
તમારૂં જરા સ્મિત સ્નેહ બને છે શાને?

**જવાબ-૭** હસી હસીમાં ભેદ છાનો
બાળના સ્મિતમાં સ્નેહ વરસે.



Scanned by CamScanner

**પ્રશ્ન-૮.** કહું છું સદાય સમજદાર છું પણ
સમજાય ના વાત તમારી શાને?

**જવાબ-૮** વાત મારી સીધી, સાદી, સરળભાષા
આત્મિયતા કેળવો, સમજાઈ જાશે.

**પ્રશ્ન-૯.** તમારા જીવનના છે સરવાળા શાને?
રહી બાદબાકી અમારી જ શાને?

**જવાબ-૯** ષડ્‌રિપૂને નિયંત્રણમાં રાખતો રહું છું.
પ્રેમની વહેંચણી કરતો રહું છું.
માનવતા મહેંકાવતો રહું છું.
આ છે રહસ્ય
મુજ જીવનના સરવાળા તણું.
બાદબાકીને પલટાવો સરવાળામાં
રાખો સદાય શ્રધ્ધા ને શરણાગતિ.

**પ્રશ્ન-૧૦.** અમે ભાગીએ તો વધે શૂન્ય શાને?
તમે જો કરો તેમ તો શેષ શાને?

**જવાબ-૧૦.** શેષ જો ન વધે ભાગકારમાં
આનંદ ન વાળે જીવનમાં
સબરસ ભરીને ગુણાકાર કરતા રહીએ.
આનંદ સરિતામાં સ્નાન કરતા રહીએ.

**પ્રશ્ન-૧૧.** અહાહા પ્રભુ! એ કહે કોઇ તેથી
રચ્યો છે કહે! માનવી માટીમાંથી
પૂછી જો તું આવી અમારા પ્રભુને!
મા-નવી માંથી માનવ શી રીતે ઘડે છે?

**જવાબ-૧૧.** માનવ બનાય માનવતાથકી
પ્રગટાવવા માનવતા શરણું ઇશનું.

**પ્રશન-૧૨.** પરિવર્તનો તો નિયમ છે જગતના
તમે છો છતાં બાળવેશે સદા તો
ઉજવવી કઇ સાતમી રાજયોગી?
જગતની, અગર માતના બાળની કે!

**જવાબ-૧૨** મા-બાળનો સંબંધ છે મારો અવિચળ
તેથી જ સદા રહું બાળ માતનો
અહર્નિશ વહેતું રહે સદાય માતનું
વાત્સલ્ય મુજપરે ઉજવો સાતમી
જગતમાં, દિવ્ય વાત્સલ્યની.

**પ્રશ્ન-૧૩.** તમે બ્રહ્મા, વિષ્ણુ, મહેશ સમા છો
અર્થાત આકાશ સમ છો તમે તો
વળી પરબ્રહ્મ કહું તો ફરક શું?
હતા, છો, હશે રાજયોગી ખરા તો?

**જવાબ-૧૩.** છું માનવી, માનવતા મહેંકવતો રહું
છું બાળ માતનો, રાજયોગી જગતમાં
આપણે સહુ ભવોભવના બંધાણી
આપણે નિભાવીએ, નિભાવતા રહીશું.

**પ્રશ્ન-૧૪.** કહ્યું, પામું કે માણું પણ કૈ રીતે હું
તમે બાળ-શાસ્ત્રીજી, છો રાજયોગી
બદલાય છે રંગ ઘડી ઘડીના
અસલ સાતમી રંગમાં છે ક્યાતો?

**જવાબ-૧૪.** રંગ બદલાતા રહે જીવનમાં
મયુર પંખ પ્રસરાતા રહે જીવનમાં
મા બાળનો પ્રેમ વધતો રહે જીવનમાં
અસલ સાતમી સદાય ઉજવાતી રહે જીવનમાં.

**પ્રશ્ન-૧૫.** ઉજવવી સદા સાતમી અંતરે તો
'સતીશ' હાથ લંબાવું ના, તો કરૂં શું?
છે રાજવી, દાનવીર, રાજયોગી
જશે તો જશે હાથ ખાલી જ શાને?

**જવાબ-૧૫.** ઉજવો ઉત્સવો અંતરથી સદાયે
બાળ ખડો માતના રાજ દરબારે
સ્મરણ કરો અંતરથી
ઝોળી હસ્તની છલકાઇ જાશે
હાજરી મા બાળની વર્તાશે
આનંદનો ઉદધિ ઉછળશે.



Scanned by CamScanner

# "ક્રાંતિ ચક્ર"

પૂજ્ય રાજયોગી નરેન્દ્રજી અર્વાચીન યુગના આધ્યાત્મિક ક્રાંતિવીર છે. આધ્યાત્મિકતાના હાર્દને સરળ અને સ્પષ્ટ રીતે લોકમાનસમાં સ્થિત કરવા તેઓશ્રી પ્રયત્ન કરી રહ્યા છે.

સાતમી સપ્ટેમ્બર ૧૯૯૭ માનવતા દિને પી. જી. મહેતા હોલમાંપોતાના આધ્યાત્મિક ક્રાંતિકારી વિચારો 'ક્રાંતિ ચક્ર' માં રજૂ કરી, આધ્યાત્મિક આતશબાજી અને વિરાટના વૈભવની કેટલીક હૃદય સ્પર્શી વાતો રજૂ કરી છે.

## "ક્રાંતિ ચક્ર"

રાજયોગીનું ધરા પર હોવું એટલે વેદમાતાની આધ્યાત્મિક આતશબાજી ને ક્રાંતિ ને પ્રેમનું સામ્રાજ્ય.

આ આતશબાજી તો સ્વયંભૂ છે. આતશબાજીના પ્રગટીકરણ માટે સાધનની આવશ્યકતા નથી. આનંદ ને જ્યારે પણ કોઇ એક પળે સર્વતંત્ર-સ્વતંત્રની પરમપદવી પ્રાપ્ત થઇ જાય છે ત્યારે ચારેખૂણે, આઠે પ્રહર અને અંગેઅંગ તેજના, ખુશીના અને સામર્થ્યના એક સામટા ફુવારા ફુટે છે. આનંદને સીમા નથી, આકૃતિ નથી, બસ તે તો અસ્ખલિત વહેતો પ્રવાહ છે, જે કોઇ તેમાં પડે છે, તે પ્રેમના વિશાળ, અનંત મહાસાગરમાં એકાકાર થઇ જાય છે. તેની દિવ્ય ગર્જનાઓ સારાયે વાતાવરણને ભરી દે છે. સિંહને નિર્ભયતાની ગર્જના સ્વાભાવિક છે. વનને પણ તેની ગર્જના ઝીલતાં વાર નથી લાગતી. પ્રેમ એ તો સ્વર્ગનું મૂળ છે. પ્રેમના ભાવને હરકોઇ સંપત્તિ તુચ્છ અને સ્વાદવિહિન લાગે છે.

ઉપવનની આતશબાજી ફુલો છે. જિંદગીની આતશબાજી યૌવન છે. યૌવનની આતશબાજીના મૂળમાં શીલ છે, શૌર્ય છે, અને સંસ્કાર છે. ભક્તની આતશબાજીમાં ભજન છે. ધનવાનની આતશબાજીના રંગો તેની છોળો ઉડાડવામાં વિલીન થાય છે. સંન્યાસી, વિરક્તિની છોળો ઉડાડતો, ઉડાડતો સંસારનો સ્વપ્નમાં પસાર કરતો, હાસ્યની આતશબાજી કરતો કરતો ચાલ્યો જાય છે. આતશબાજી સર્જી નથી શકતો. ફટાકડાની લૂમે લૂમજ દિપાવલીના હાસ્યની હાજરીનું સર્જન કરી શકે છે. દિપાવલી એટલે ચોમેર ઉડતા તેજ, ચોમેર ખુશાલી, માનવ હૈયાનો થનગનાટ, ચોમેર ઉડતા આનંદના ફુવારાઓનું એક સાથે મુક્ત હાસ્ય. તેમાંથી ઉડતી ધુમ્રસેરો સ્વચ્છતા અને નિર્મળતાનું સર્જન કરે, માનવ-શ્વાસને પ્રાણવાન બનાવે.

આતશબાજી તો સામૂહિક છે, સત્ય અને આનંદ, પ્રેમ, ને ગણિતની સંખ્યામાં સમાવિષ્ટ ના કરી શકાય.

સાગરની લહેરોની ગણત્રી કરતાં સાગરમાં સમાઇ જવાય. અહીં ખોવાઇ જવું સહજ છે, પછીથી કશું જ બચી શકતું નથી. ઇશ્વરનું એક નામ 'પ્રેમ' પણ છે. પ્રેમને સ્પર્શવા 'કારણ' સમર્થ નથી. તર્કની તેની પાસે અપ્રતિષ્ઠા છે, તેને મર્યાદા છે. બુધ્ધિને અહોભાવનો સ્વીકાર કર્યા વિના તેની મુક્તિ નથી. માનવી આતશનો આનંદ ત્યારે જ માણી શકે જ્યારે તે તેની સાથે એકાકાર થઇ શકે, 'સ્વ' ને ગુમાવી દે ત્યારે, તે વિચારોથી વિમુખ થાય ત્યારે.



Scanned by CamScanner

માતાજીને પણ આતશબાજી ખેલવામાં આનંદ આવે છે. 'માતાજી' 'પ્રેમ' ની આતશબાજી ખેલે છે. માતાજીની આતશબાજી એટલે સૂરજના ફેલાતા કિરણોની માફક પ્રેમ અને આનંદની મુક્ત લહાણી. આ લહાણીનું માધ્યમ છે રાજયોગી. આ માતૃ વાત્સલ્ય આતશબાજી છે. આ આતશબાજી અન્ય કોઇ નહીં ખેલી શકે.

માત અને હું હંમેશા પ્રેમની, સ્નેહની, વાત્સલ્યની આતશબાજી પ્રતિપળ ખેલતા જ રહીએ છીએ. આતશબાજીને અન્ય અને અનોખું એવું એક લક્ષણ પણ વરેલું છે અને તે છે 'ક્રાંતિ સર્જન'. આતશનો ખેલ ખેલાઇ રહ્યા બાદ કંઇ જ બચી શકતું નથી. ક્રાંતિ પહેલાં તો વિસર્જન કરે અને પછીથી સર્જન કરે છે. જૂના જર્જરિત, તથા કથિત મૂલ્યોને તે અલવિદા આપે છે અને નવા મૂલ્યોનું સ્વાગત કરે છે, નવા મૂલ્યોનો સ્વીકાર કરે છે. અહિંયા નિષેધાત્મક અને વિધેયાત્મક બંને પ્રક્રિયાઓ એક સાથે કામે લાગી જાય છે. આ બંને વચ્ચેના સમયનું માપ કાઢવું મુશ્કેલ છે. ક્રાંતિ એટલે સમૂળી ક્રાંતિ, પછી તે રાજકીય હોય, ઔદ્યોગિક હોય, આર્થિક હોય, સામાજિક હોય કે આધ્યાત્મિક હોય, તેમાં કોઇ ફરક પડતો નથી. માતાજીએ આધ્યાત્મિક ક્રાંતિનો ઝંડો ઇન્કિલાબ મને સોંપ્યો છે. એટલે આ ધરા પર માનવ આકારે જ્યારથી આવ્યો ત્યારથી એક યા અન્ય રીતે નાની મોટી સમસ્યાઓમાં માનવીને આધ્યાત્મિક ક્રાંતિનો સંદેશ આપતો જ રહ્યો છું, આપતો રહું છું અને આપતો રહીશ.

હું તો સતત ક્રાંતિની પ્રક્રિયામાં જ જીવું છું. ધર્મ, ઇશ્વર, ભક્તિ, શ્રધ્ધા, શરણાગતિ ને મારા તટસ્થ ભાવથી, અંતઃકરણની લાગણીથી જોયા કરૂ છું. સત્યની પ્રતીતિ કરવા પુરાણાં સાધનો જ્યારે પણ બુઠઠાં અને નાકામિયાબ અનુભવાય ત્યારે વિના સંકોચે જુના વસ્ત્રોની માફક તેને આઘાં મૂકી દેવા મન સાથે આનાકાની કરતો નથી. ક્રાંતિની પ્રક્રિયામાં સતત વહેતા પ્રવાહમાં દૂર દૂર સુધી તરતા તરતા જવું એ મારો આનંદ છે. મા-બાળના પ્રેમની આતશને ઉડાડતાં ઉડાડતાં એક ડગલું આગળ ભરતા રહેવું, ચાલ્યા જવું એ મારા જીવનની સ્વાભાવિકતા બની ચૂકી છે.

સાધ્યની પ્રાપ્તિ માટે જો સાધન બદલવાં પડે તો તેમાં સંકોચ શાને? ઇશ્વરને તો સાધન સાથે નિસ્બત નથી. ઇશ્વરતો અંતરને-હૃદયમાં માંહ્યલાને, ભાવનાને ઓળખે છે.

મારા મત અનુસાર તો

"તમારા અંતરના કૂવામાં પ્રેમજળ કેટલું વહી રહ્યું છે તેનું જ માપ ઇશ્વર સતત લીધા કરે છે". દુઃખ, દર્દ, યાતનાઓ, નિષ્ફળતા અને સંસારની આપત્તિઓને મીટાવવા દોરા, ધાગા, તાવીજ, માદળિયાં, બાધા-આખડી, વહેમ, શુકન, અપશુકન વિગેરે સઘળું મારા મતે માનવીની આજુબાજુના પડળો છો. પરમાત્માને પામવા માટેના અંતરાયો છે. મનુષ્યને આ સઘળાં પરિબળોમાંથી પ્રથમ તો બહાર કાઢી લેવા માટેના મારા સતત નમ્ર પ્રયાસો છે. આવા પ્રયાસો કર્યા સિવાય મનુષ્યને સાચી દિશા પ્રાપ્ત થાય નહિં.

આકાશી ગ્રહો માનવીને નડતા નથી, પરંતુ વાસ્તવમાંતો માનવી જ માનવીને નડે છે. મનુષ્ય અંધશ્રધ્ધામાંથી બહાર આવે અને સાચી શ્રધ્ધા કેળવે તે માટે હું હંમેશા પ્રયત્નશીલ રહું છુ. મનુષ્ય સુખી, સાત્વિક અને સમૃધ્ધ જીવન જીવે તે હેતુથી મારા જીવનના નિચોડ રૂપ નવ સિધ્ધાંતો પ્રદાન કર્યા છે. જે



Scanned by CamScanner

આ પ્રમાણે છે,

## નવ સિધ્ધાંતો

૧. ઇષ્ટમાં સંપૂર્ણ શ્રધ્ધા અને શરણાગતિ રાખવી.
૨. નિ:સહાયને સહાય કરવી.
૩. દુ:ખીઓના દિલનાં આંસુડાં લુછવાં.
૪. કોઇની ઇર્ષ્યા કરવી નહિં.
૫. કોઇની સાથે વિશ્વાતઘાત કરવો નહીં.
૬. પરનિંદાથી દૂર રહેવું.
૭. પુરુષાર્થને અગ્રતા આપી સતત કાર્યશીલ રહેવું.
૮. નિ:સ્વાર્થ સેવા કરવી.
૯. અહમ્‌નો ત્યાગ કરવો.

પરમનું સાનિધ્ય કેળવવા, ભક્તિમાં તરબોળ થવા, સાત્વિક જીવન જીવવા માટે બાહ્યોપચાર કે બાહ્યદેખાવ કરવાની કંઇ જ જરૂર નથી. ભક્તિ એ તો તમારૂં ભાવજગત છે. ભક્ત અને ભગવાન વચ્ચે સીધો સેતુ જ આવશ્યક છે. સાધન અને સાધ્ય વચ્ચેનો ભેદ પારખી લેવો ખૂબજ જરૂરી છે. રેશમી પીતાંબર પહેરવાથી કે રૂદ્રાક્ષની માળા ધારણ કરવા માત્રથી તમારી ભક્તિની તસ્વીર બહાર આવતી નથી. ભક્તિતો આધુનિક પરિવેશ પહેરીને પણ થઇ શકે. તમે કેવા ભાવથી ભગવાન પાસે જાવ છો! તમારા હૃદયની કેટલી ભક્તિ સમાયેલી છે! તે મહત્ત્વનું છે. પરમાત્માનું સાનિધ્ય કેળવવાનો, તેની પાસે જવાનો સહુ કોઇને અધિકાર છે. પ્રત્યેક જીવ પરમાત્માનું સંતાન છે, તેની કૃપા મેળવવાનો સહુને સરખો અધિકાર છે. જરૂર છે ફક્ત તેવો અધિકાર ભોગવવાની, પાત્રતા કેળવવાની. જ્ઞાતિ, જાતિ, ધર્મ, સંપ્રદાય કે લિંગ ભેદ વગર કોઇપણ વ્યક્તિ ગાયત્રી મહામંત્રની ઉપાસના કરી શકે છે, મા-બાળનો સબંધ કેળવી શકે છે. પુરાણી શૃંખલાઓમાં જકડાઇ રહીને, પીડાયા કરવું હિતાવહ નથી. હું તો પુરાણી શૃંખલાઓને, પુરાણી બેડીઓને તોડવા માંગુ છું. ભક્તિ ગુલામી નથી. ભક્તિ તો મર્દાનગી છે. હું તો એવી ક્રાંતિની કમર કસવા માંગું છું કે અગોચરમાં, અગોચર રૂપે વસતા ઇશ્વર, અંતરનો સાદ પડતાં આપણી પાસે આવીને ઉભા રહે. આવો મારો આશાવાદ છે.

પ્રાચીન વેદોક્ત ગાયત્રીમંત્રનું રટણ કરવું પ્રત્યેક વ્યક્તિને માટે સરળ બનતું નથી. માતાજીનું સ્મરણ સાદી, સરળ અને સહજ રીતે લોકજીભે ચઢી જાય તેવા કોઇ મંત્રની માતાજી તરફથી કૃપા થઇ જાય તેવું મારા ચિત્તમાં હતું. ને પરમશક્તિ મા ગાયત્રીએ **'ૐ મા ૐ'**ના નવા મંત્ર પર મહોર મારી, જે મંત્ર મેં ભક્ત સમૂહ સમક્ષ તરત જ વહેતો કર્યો અને સૌએ આ પરમશક્તિ મંત્રને પ્રેમથી વધાવી લીધો. આ ક્રાંતિ કદમ બદલ 'મા' ને મારા લાખો વંદન. માતાજીના પ્રેમની આ પણ એક આતશબાજી છે.

આધ્યાત્મિક આકાશમાં ક્રાંતિતો સર્જાતી જ રહે છે. પરમતત્ત્વ ક્રાંતિકારી સિતારાઓને આ જગતમાં ચમકાવ્યા જ કરે છે. યુગે યુગે આવા ક્રાંતિકારી સિતારાઓ આ જગતમાં અવતરી આવે છે અને



Scanned by CamScanner

જગતને સાત્વિક રાહ પર દોરવા પ્રયત્ન કરે છે.

સંસારીને આધ્યાત્મિક યુધ્ધવીર-શૂરવીર તરીકે તૈયાર કરીને પરમની શરણાગતિમાં લઇ જવાય, તેના કૃપાપાત્ર થવા સુપ્રત કરી દેવાય તેવી પ્રક્રિયાને હું ક્રાંતિ તરીકે ગણાવું છું.

શસ્ત્રોની ઉપેક્ષા કે અવગણના કરીને, તેના મૂળભૂત સિધ્ધાંતોને અવગણીને, બાજુએ રાખીને, પરિવર્તનની પ્રક્રિયા સર્જીને ક્રાંતિના આગ્રહી બનવાનો મારો કોઇ આશય નથી. વેદ ઉપનિષદમાંના મૂલ્યો કે જગતના કોઇપણ ધર્મ, સંપ્રદાયના સિધ્ધાંતોનું અવમુલ્યન કરવું, તેવું લેશમાત્ર મારૂં ધ્યેય નથી. મારા ક્રાંતિચક્રમાં આવી વાતો ક્યાંય સમાવિષ્ટ થતી નથી. પરંતુ કાળનો સ્વભાવ છે તેમ તેમાં જામી ગયેલાં જાળાં, ઉધઇ ખંખેરીને તેનું શુધ્ધિકરણ કરવું અને તેના અસલી ચળકાટને બહાર લાવવો અને અદના, સામાન્ય માનવી માટે ધર્મમાં અસરકારકતા પ્રગટાવવી. માનવ કોડિયામાંથી વાટને સંકોરીને ડગમગતી જ્યોતને પુનઃ સ્થિર કરીને તેને પ્રકાશિત કરવી તેટલું જ ફક્ત મારૂં લક્ષ્ય છે.

માનવને ઇશ્વરાભિમુખ કરવો, તેજ તરફ મારા ક્રાંતિચક્રને હું ગતિશીલ કર્યા કરૂં છું. ધર્મ અમુક વાડાઓમાં સીમિત રહે તે હું વિચારી શકતો નથી.

ધર્મ, ઇશ્વર, ભક્તિ, કર્મ કર્મફળ, પરમની પ્રીતને પામવી ઇત્યાદિ બાબતોમાં સ્ફટિક-સ્પષ્ટતા લાવવા અને ઉપસ્થિત ગૂંચવાડાઓમાંથી મનુષ્યને બહાર લાવવો તથા શ્રધ્ધા-શરણાગતિ દ્વારા ઇશ્વરીય, દિવ્ય સંગીતના સૂરો જગતમાં રેલાય તેવી મારી ક્રાંતિ-હાકલનો કેન્દ્રવર્તી સૂર છે.

આમ આવી અનેક ઘટનાઓને ઘટવા માટે પરમશક્તિ મા ભગવતી અહર્નિશ મારી સાથે રહીને "પ્રેમની આતશબાજી" ખેલે છે અને ખેલાવે છે. પ્રેમમાં જ પરમેશ્વરીનો વાસ છે. આવી પ્રેમની આતશબાજીને મર્યાદા ના હોય, પ્રમાણ ના હોય. પરમના તેજ અને પ્રેમના અસંખ્ય ફુવારાઓનું એક સામટું આક્રમણ કહું કે 'પ્રેમાક્રમણ' તે જ આતશબાજી - માતની આતશબાજી છે.

મારા આખા આયખાનું, અત્યાર સુધીનું સરવૈયું કાઢું તો એટલું કહી શકું કે, પરમશક્તિ મા ગાયત્રી મારી સાથે પ્રેમની, તેના દિવ્ય પ્રેમની આતશબાજી ચારે ખૂણે અને ચારે દિશાએ ખેલ્યા કરે છે. હું ક્રાંતિના મશાલધારી તરીકે "મા" ની પરમ જ્યોતના અજવાળે આધ્યાત્મિકતાને ક્રાંતિની પ્રક્રિયા થકી કંઇક નવા સ્વરૂપે અર્પતો રહું છું. આવો છે માતના પ્રેમની આતશબાજીનો ખેલ. આવું છે આધ્યાત્મિક ક્રાંતિનું સ્વરૂપ.

**ૐ મા ૐ**



Scanned by CamScanner

# "દિવ્ય દષ્ટિ"

'અમને માતાજીના દર્શન કરાવો' આવી ભાવના, ભાવિકો અવારનવાર રાજયોગી નરેન્દ્રજી સમક્ષ વ્યક્ત કરતા, વિનંતી કરતા હોય છે. પરમશક્તિ મા ગાયત્રી પૂજ્યશ્રીને પ્રત્યક્ષ દર્શન આપે છે, કાર્યયજ્ઞ વિષે માર્ગદર્શન આપે છે, માતૃ વાત્સલ્યની વર્ષા કરે છે, નવરાત્રિની અષ્ટમીએ પૂજ્યશ્રી સાથે રાસ રમે છે, ગરબા ગાય છે. આવી બધી અનુભૂતિઓ સાંભળતાં, તેમજ કુટિરમાં દિવ્યતા, દિવ્ય સુવાસનો અનુભવ કરતા ભક્તો, ભાવિકો ભાવવિભોર બની જાય છે, અને પૂજ્યશ્રીને માતાજીના દર્શન કરાવવા, દિવ્ય અનુભૂતિઓ કરાવવા વિનંતી કરે છે, પ્રાર્થના કરે છે. પૂજ્યશ્રી ભાવિકોને દિવ્ય દષ્ટિ કેળવી શકાય તેનું માર્ગદર્શન પોતાની આગવી શૈલીમાં અને પોતાના અંગત અનુભવોના આધારે તા. ૯-૧૨-૯૭ મંગળવારે ઉપાસના દિને શ્રધ્ધા કુટિરમાં માતાજીના પાટોત્સવની ઉજવણી પ્રસંગે જણાવે છે.

## "દિવ્ય દષ્ટિ"

દિવ્ય દષ્ટિ એટલે શું?

દિવ્ય દષ્ટિ પ્રાપ્ત કરવા માટે શું કરવું જોઇએ?

દિવ્ય દષ્ટિની જરૂર શી છે?

ધણા ભક્તો, ઉપાસકોની એક ઇચ્છા હોય છે કે, "અમને પરમાત્માના પોતાના ઇષ્ટ સ્વરૂપમાં દર્શન કરવાં છે." ધણા ભાઇ-બહેનો મને કહે છે કે "તમે અમને માતાજીના દર્શન કરાવો."

દર્શન કરવાની ઇચ્છા, ભાવના બહુ સારી છે. પ્રયત્ન તો કરવો પડે ને? ખેતરમાં ઇચ્છીત પાક લેવો હોય તો ખેતરનું જરૂરી ખેડાણ કરી, ખાતર પાણીથી તેને સભર કરવું પડે. યોગ્ય અને સારૂં પૌષ્ટિક બિયારણ ખેતરમાં યથા સમયે પધ્ધતિસર વાવવું પડે. પછી તેની યોગ્ય માવજત કરવી પડે. પરમાત્માની કૃપાનુસાર સાનુકૂળ હવા પાણી, ઋતુઓની અસર પ્રાપ્ત થાય તો જ સારો, ઇચ્છિત પાક પાકે છે અને લણી શકાય છે. જીવન ખેતરમાં દિવ્યતા પ્રાપ્ત કરવા માટે આવો પુરૂષાર્થ કરવો જ પડેને?

ઇશ્વરની સૃષ્ટિમાં યુગ બદલાતા રહે છે. દરેક યુગમાં અન્ય યુગનું અસ્તિત્ત્વતો હોય છે જ પરંતુ તેનું પ્રાધાન્ય વધતું, ઓછું હોય છે.

વૈદિક યુગમાં મંત્ર શક્તિનું પ્રાધાન્ય હતું. તે યુગને મંત્રયુગ કહેવામાં આવતો. આ યુગમાં તંત્ર શક્તિ અને યંત્ર શક્તિનું પ્રાધાન્ય ઓછું હતું. અર્વાચીન યુગમાં યંત્ર શક્તિનું પ્રધાન્ય વધારે છે અને મંત્ર શક્તિનું પ્રાધાન્ય ઓછું છે.

મહાભારતના યુધ્ધ વખતે સંજયજીને મળેલી દિવ્ય દષ્ટિની વાતનો ગીતામાં નિર્દેષ થયેલો છે. આ દિવ્ય દષ્ટિની શક્તિ, સંજયજીની ક્ષમતા પિછાણીને વેદવ્યાસજીએ યુધ્ધના સમય પૂરતી તેમને પ્રદાન કરી હતી, જેવી કુરૂક્ષેત્રના મેદાનમાં ખેલાતા યુધ્ધની અને કૌરવ-પાંડવોના સૈન્યની પરિસ્થતિનો આંખે દેખ્યો અહેવાલ તેઓશ્રી ધૃતરાષ્ટ્રજીને મહેલમાં બેઠાં બેઠાં જોઇને વર્ણવી શકતા હતા. મંત્ર શક્તિથી શસ્ત્રોમાં શક્તિ સિંચન કરી શકાતી હતી, મંત્ર શક્તિથી વ્યક્તિ અનેક સ્વરૂપ ધારણ કરી શકતી હતી, ગોચર અગોચરની વસ્તુઓ જોઇ શકાતી, વાતો સાંભળી શકાતી, સંદેશાઓની આપલે થઇ શકતી. મંત્ર યુગમાં તંત્ર અને યંત્રનું અસ્તિત્ત્વ હતું. યંત્રો મંત્ર શક્તિથી ચાલી શકતાં, ચલાવી શકાતાં. તંત્ર વિદ્યા આસુરી



Scanned by CamScanner

તત્ત્વોમાં વ્યાપ્ત હતી, પરંતુ મંત્ર શક્તિ આગળ તે ટકી શકતી નહતી.

સાત્વિક સમાજ, ઋષિમુનિઓ, અવતારી પુરૂષોનો એ યુગ હતો. ઘરના સંસ્કારો, ગુરૂનું વિદ્યાદાન, અને સાત્ત્વિક પુરૂષાર્થથી દરેક વ્યક્તિ મંત્ર સાધનામાં, સાત્ત્વિક જીવન પ્રણાલિમાં, ઇશ્વર ઉપાસનામાં વ્યસ્ત રહેતી, જેને કારણે તેને દિવ્ય શક્તિ, દિવ્ય દષ્ટિ મળી રહેતી. સાત્ત્વિક જીવન પ્રણાલિને કારણે સંતોની, સદ્‌ગુરૂની, પરમાત્માની કૃપાશિષ પણ મળી રહેતી. આવી સત્વશીલ, કૃપાશિષ પામેલ વ્યક્તિઓ પોતાની ઇચ્છાશક્તિ દ્વારા પોતાને પ્રાપ્ત થયેલી દિવ્ય શક્તિનો જન હિતાર્થે વિનિયોગ કરતી. વૈદિક કાળમાં આધ્યાત્મિકતા અને વિજ્ઞાન એક સિક્કાની બે બાજુ જેવા હતાં. બંનેની શક્તિ એકબીજા પર નિર્ભર હતી. તે સમયનો સમાજ વિજ્ઞાનને આધ્યાત્મિકતાના એક ભાગરૂપ જ ગણતો. વેદોમાં વર્ણવેલું બધું જ જ્ઞાન અને વિજ્ઞાન અધ્યાત્મના-ધર્મના મૂળભૂત સિધ્ધાંતો પર જ આધારિત છે. સત્વયુગમાં જ્યારે કોઇ ભાષાકીય લિપિ અસ્તિત્ત્વમાં ન હતી ત્યારે ઋષિમુનિઓ ધ્યાનાવસ્થા કે ઉપાસના દરમિયાન પરમાત્મા સાથે ગોષ્ઠિ કરી શકતા, તેમની વાણી સાંભળી શકતા અને જનસમુદાયમાં વહેતી કરતાં. આપણા વેદો એ પરમાત્માએ સ્વયમ્ વર્ણવેલા, કહેલા શાસ્ત્રો છે જે શ્રુતિ અને સ્મૃતિના રૂપમાં ઋષિ, મુનિઓએ સાંભળીને, કંઠસ્થ રાખ્યા હતા અને, વારસાઇમાં તે જ્ઞાનને વહેતું રાખ્યું હતું. વેદવ્યાસના જમાના માં તેઓશ્રીએ વેદોના આ જ્ઞાનને પોતાની દિવ્ય શક્તિ અને ઇશ્વરની કૃપા દષ્ટિથી ભાષામાં નિરૂપણ કર્યું.

અર્વાચીન યુગ એ યાંત્રિક યુગ છે. મંત્ર શક્તિનું પ્રાધાન્ય યંત્ર શક્તિએ લઇ લીધું છે. વિજ્ઞાનની ક્ષિતિજો વિસ્તરતી જાય છે. અધ્યાત્મવાદ-ધર્મને વિજ્ઞાનથી છુટુ-અલગ ગણવામાં આવે છે. આધ્યાત્મિક શક્તિ કરતાં બુધ્ધિની શક્તિને પ્રાધાન્ય આપવામાં આવે છે. અંતરનો અવાજ ધૂંધળો બનતો જાય છે. ઇશ્વરનું અસ્તિત્ત્વ કે તેની શક્તિ વિષે શંકા સેવાય છે. વિજ્ઞાનની શોધખોળો એ કશું જ નવું નથી. ઇશ્વરની સૃષ્ટિમાં, અસ્તિત્ત્વમાં રહેલી જ વસ્તુઓ અને સિધ્ધાંતો છે, હકીકતો છે, જે સમયના પડળમાં દબાઇ ગઇ કે લુપ્ત થઇ ગઇ હતી તેને વિજ્ઞાનના અખતરાઓ-પ્રયોગો દ્વારા શોધી કાઢવામાં આવ્યા. "RESEARCH" નો અર્થ જ "ફરીથી શોધવું" એવો થાય છે. આધુનિક વિજ્ઞાન ફક્ત સૃષ્ટિમાં વિલસતી, ઉપસ્થિત વસ્તુઓ અને હકીકતોને શોધી કાઢે છે, નવો ચળકાટ આપે છે અને નવા નામાભિધાન અને ઉપયોગ સાથે જગત સમક્ષ મૂકી ગૌરવ અનુભવે છે. આપણી ખોવાઇ ગયેલી વસ્તુ, મહેનતને અંતે આપણને મળે ત્યારે આપણને કેવો આનંદ થાય છે! વૈજ્ઞાનિકોને પણ ખોવાઇ ગયેલાં, વિસરાઇ ગયેલાં કે લુપ્ત થઇ ગયેલાં, પરમની સૃષ્ટિના રહસ્યોને શોધી કાઢીને આવો જ આનંદ અને સંતોષ થતો હશે.

વિજ્ઞાનની શોધ જગતને જરૂર ઉપયોગી છે પરંતુ જો તેનો જનહિતાર્થે, વિકાસના પંથે ઉપયોગ થાય તો! વિનાશક શોધો આસુરી સૃષ્ટિને વધારે છે, અને સમાજને તેમજ વિશ્વને આસુરી-વિનાશના માર્ગે ધકેલાતી જાય છે. યંત્ર યુગમાં માનવી રીમોટ કંટ્રોલથી કે વીજળીની ચાંપ દબાવીને તેના બેઠક ખંડમાં આનંદ કરતાં કે શયન ખંડમાં આરામ કરતાં કરતાં દુનિયાના કે ઉપગ્રહોના દૃષ્યો નિહાળી શકે છે, વાતો સાંભળી શકે છે, સંદેશાઓની આપલે કરી શકે છે. ટેલિવિઝન, ટેલિફોન, રેડિયો, કોમ્પ્યુટર વિગેરે યંત્રોમાં વિદ્યુત શક્તિ પ્રવાહિત થાય કે તરત જ આ યંત્રો કાર્યાન્વિત થાય છે. વિશિષ્ટ વ્યક્તિઓના જ્ઞાનનો ઉપયોગ, સામાન્ય વ્યક્તિ વિત્ત કે વગના જોરે કરી શકે છે, માણી શકે છે. વિશિષ્ટ વ્યક્તિઓને



Scanned by CamScanner

અથવા તેમના જ્ઞાનને ખરીદી પણ શકે છે.

યંત્ર યુગમાં ભૌતિક સુખ સગવડની એષણાએ માણસને અસાત્ત્વિક પુરૂષાર્થમાં ધકેલી દીધો છે. વૈદિક યુગના સાત્ત્વિક ગુણો, દૈવિ વૃત્તિઓ, સુસંસ્કારો વિસરાતા જાય છે, તેનો લોપ થતો જાય છે. યંત્ર યુગમાં મનુષ્યનું સમસ્ત અસ્તિત્ત્વ યાંત્રિક અને ભૌતિકતાવાદી બનતુ જાય છે. ભૌતિક સુખ સગવડોને કારણે મનુષ્ય એશઆરામી, પ્રમાદી, આળસુ બનતો ગયો. ષડ્વૃત્તિઓનું આવરણ, જોર વધતું ગયું. અસંસ્કારિતા વધવા માંડી, જેથી સમાજ વ્યવસ્થા કથળવા માંડી, કુટુંબ પ્રેમ, વ્યવસ્થા તૂટવા માંડી. ભૌતિક સુખસાહ્યબીના સાધનો હોવા છતાં મનુષ્યના માનસિક સુખ શાંતિ હણાઇ ગયાં, અને સુખ શાંતિની શોધમાં તે હવાત્તિયાં મારવા લાગ્યો. આખરે હારીથાકીને આવી અશાંતિની પળોમાં સત્સંગ, સંતસમાગમ, સદ્ગુરૂનું માર્ગદર્શન શોધવા તે મથે છે. આધ્યાત્મિકતા તરફ તે વળે છે. પરમાત્માની શોધ માટે, પહેચાન માટે તે પ્રયત્નશીલ બને છે. શ્રધ્ધા શરણાગતિની પગદંડી શોધવા અને તે પથ પર ચાલવા તે સંતનું, સદ્ગુરૂનું માર્ગદર્શન મેળવે છે. આધ્યાત્મિકતાની, ઇશ્વરની વાતો તેના બુધ્ધિ પ્રદેશની બહારની લાગતી હોવા છતાં તેમાંથી શાંતિનો અનુભવ થતો હોવાથી તેમાં તે રૂચિ દાખવે છે, રસ લે છે. ધ્યાન, મંત્રજાપ, સત્સંગ, સંતસમાગમ અને સદ્ગુરૂના માર્ગદર્શન હેઠળ તે સાત્ત્વિક કાર્યોમાં, સાત્ત્વિક આચરણમાં પ્રવૃત બને છે.

સંતોને થતા ઇશ્વરીય, આધ્યાત્મિક અનુભવો અને પ્રાપ્ત થયેલ વિશિષ્ટ સાત્ત્વિક શક્તિઓથી તે અંજાઇ જાય છે, હેબતાઇ જાય છે. ઇશ્વરને દૃષ્ટિ ગોચર કરવાની તેને અભિપ્સા જાગે છે, પરમાત્માનો સાક્ષાત્કાર કરવા તે પ્રયત્નશીલ બને છે, પુરૂષાર્થ આદરે છે. દિવ્ય શક્તિ અને દિવ્ય દૃષ્ટિ પ્રાપ્ત કરવાની તેને ઇચ્છા થાય છે.

દિવ્ય દૃષ્ટિ કેવી રીતે અને ક્યારે પ્રાપ્ત થાય?

દિવ્ય દૃષ્ટિ પ્રાપ્ત કરવા માટે મનુષ્યે પોતાનું જીવન, વ્યવહાર અને સમસ્ત અસ્તિત્ત્વ, સાત્ત્વિક બનાવવું જોઇએ. દૈવી ગુણોને આત્મસાત્ કરવા પડે. મન, વચન અને કર્મની ઐકયતા કેળવવી પડે. ષડ્વૃત્તિઓ-કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સરને નિયંત્રણમાં રાખવા પડે, માનવતાને મહેંકાવવી પડે, માનવતા વ્રતનું આચરણ કરવું પડે. નવ સિધ્ધાંતોને જીવનમાં આત્મસાત્ કરવા પડે. જીવન યોગી જેવું નિર્દોષ, આસક્તિ રહિત, સાત્ત્વિક બનાવવું પડે. એક વખત સાત્ત્વિક જીવન જીવવાની આદત પડી જાય એટલે દિવ્યતા અસ્તિત્ત્વમાંથી નીખરવા માંડે. શરીરની ફરતે તેજોવલય-પ્રકાશની આભા છવાયેલી રહે. શરીરની પ્રત્યેક ઇન્દ્રિય સાત્વિકતાથી સભર બની જાય. આત્માનું પરમાત્મા સાથે અનુસંધાન સધાઇ જાય. પરમાત્માની કૃપાશિષના અધિકારી બની જવાય. પરમાત્માના પ્યારા સંતો, મહાપુરૂષોની સાથે આત્મિયતા કેળવાય. તેમની વિશિષ્ટ શક્તિઓનો વિનિયોગ થાય, શરીરની દરેક ઇન્દ્રિયોની શક્તિ દિવ્યતા ધારણ કરી શકે.

આવી દિવ્ય શક્તિથી દિવ્ય દૃષ્ટિ પ્રાપ્ત થાય. ગોચર અગોચરમાં કોઇપણ વસ્તુ કે હકીકત જાણી શકાય, દેખી શકાય, પોતાના ઇષ્ટદેવના દર્શન થાય. આવી વિશિષ્ટ શક્તિ વૈશ્વિક હિતમાં, જનહિતાર્થે જ વાપરવી જોઇએ.

યંત્રયુગમાં અર્વાચીન જગતમાં આજે પણ સાત્વિક આત્માઓ, પ્રભુના પ્યારા ફિરસ્તાઓ,



Scanned by CamScanner

અવતારી પુરૂષો છે અને જનહિતાર્થે નિઃસ્વાર્થભાવે જનસેવા કરતા રહે છે. તેઓ પરમાત્મા સાથે સતત અનુસંધાનમાં રહે છે, પરમતત્વની ગોચર અને અગોચર સૃષ્ટિને પોતાની દિવ્ય દૃષ્ટિથી નિહાળી શકે, છે, આવ જા કરી શકે છે.

પરમાત્માએ પોતાના આનંદ માટે સૃષ્ટિનું નિર્માણ કર્યું છે જેથી તેની રૂચિ અને જરૂરિયાત અનુસાર તેના ફિસ્તાઓને તે સૃષ્ટિમાં મોકલી, સાત્વિક સૃષ્ટિના નિર્માણનું કાર્ય કરાવે છે. યંત્ર યુગમાં સામાન્ય વ્યક્તિને દિવ્ય દૃષ્ટિ, દિવ્ય શક્તિ પ્રાપ્ત ના થઇ શકે?

દિવ્ય દૃષ્ટિ અને દિવ્ય શક્તિ મેળવવાનો સૌને અધિકાર છે. પરમાત્માની દૃષ્ટિમાં કોઇ મનુષ્ય સામાન્ય કે અસામાન્ય નથી. આપણો પુરૂષાર્થ અસામાન્ય હોવો જોઇએ. આપણું જીવન અને જીવનની દરેક પ્રવૃત્તિમાં પરમાત્માને સાક્ષીભાવ રાખીને, પ્રભુપ્રિત્યર્થે કાર્ય કરીએ, સર્વત્ર પરમાત્માની ઉપસ્થિતિ-હાજરીનો ખ્યાલ રાખીને, દરેકમાં પ્રભુનો વાસ છે એવો મનોભાવ કેળવવામાં આવે તો આપણામાં દિવ્ય દૃષ્ટિ અને દિવ્ય શક્તિ સંક્રાન્ત થઇ જાય.

## "આધ્યાત્મિક યાત્રા"

આધ્યાત્મિક યાત્રાના યાત્રીઓને પૂજ્ય રાજયોગી નરેન્દ્રજી આશીર્વાદ સહ પરમાત્માના દર્શનના અધિકારી બનવાનો રાહ ચીંધે છે.

આધ્યાત્મિક યાત્રાના યાત્રીઓ,

આધ્યાત્મિક યાત્રાનો દિવ્ય માર્ગ યાત્રીને પરમાત્માના સિંહાસન સુધી દોરી જાય છે, અને સિંહાસન પર બિરાજીત પરમાત્માના દર્શનના અધિકારી બનાવે છે.

જીવન યાત્રા પ્રારબ્ધ અને પુરૂષાર્થના બળથી ગતિ કરે છે, અને સારા નરસા કર્મનું ભાથું બીજી જીવન યાત્રાના માટે બંધાતું જાય છે. આમ કર્મ બંધનની વણઝાર વણથંભી ગતિ કર્યે જાય છે, અને જન્મ મરણના ચક્રમાં જીવન યાત્રાનો પ્રવાસી અટવાતો જાય છે.

જીવન યાત્રાનો રાહ સરળ અને કર્મ બંધન વિહિન બનાવવો હોય તો **(જીવન યાત્રાને આધ્યાત્મિક યાત્રા સાથે જોડી દો. જીવનની હરેક ક્ષણ આધ્યાત્મિક યાત્રામાં પસાર કરો.)** આધ્યાત્મિક યાત્રાનો મહિનામાં ફક્ત બે કલાકનો સમય તમારા જીવનની હરેક ક્ષણમાં સમાઇ જવો જોઇએ અને તેવું બને ત્યારે જ આપણી યાત્રાના ભોમિયા બનવા પરમાત્મા આપણા માર્ગદર્શક બને અને સદ્‌ગુરૂ સાથમાં રહે.

માનવતા વ્રતનું આચરણ

મન, વચન, કર્મની પવિત્રતા અને ઐકયતા,

નવ સિધ્ધાંતોનું પાલન

પરમ શક્તિ મંત્ર 'ૐ મા ૐ' નું રટણ

જીવનમાં અનિવાર્ય પણે વણાઇ જવું જોઇએ. આવા આધ્યાત્મિક યાત્રાના યાત્રીનું જીવન ધન્ય બની જાય. ૐ મા ૐ ની આભા સમગ્ર વ્યક્તિત્વ અને અસ્તિત્વમાં છવાઇ જાય.

આધ્યાત્મિક યાત્રાનો પ્રવાહ અવિરત અને અસ્ખલિત વહેતો રહે તેવા આશીર્વાદ.

**ૐ મા ૐ**



Scanned by CamScanner

# "દિવ્ય પ્રશ્નોત્તરી"

તા. ૯-૧૨-૯૭ મંગળવારે શ્રધ્ધા ધામમાં પરમ શક્તિ મા ગાયત્રીનો નવમો પાટોત્સવ ઉજવવા ભક્તોની ભીડ જામી હતી. આ પ્રસંગે રાજકવિ સતીષજીએ ભક્તોના પ્રતિનિધિ બની. તેઓશ્રીના આધ્યાત્મિક જીવન, કાર્ય અને મા-બાળના દિવ્ય સબંધ અંગે પ્રશ્નોના રવૈયાથી રાજસાગરમાં વલોણું કર્યું અને રાજ ઉત્તરોનું નવનીત માણવાનો એક અવર્ણનીય લહાવો શ્રધ્ધા કુટિરમાં ઉપસ્થિત સહુ ભક્તોને આપ્યો. આ દિવ્ય પ્રશ્નોત્તરી આપના માટે પ્રસ્તુત કરી છે.

**પ્રશ્ન-૧.** શે' શીતળતા આટલી વર્તાય છે?
ચાંદ ધોળી પી ગયા છો શું?

**જવાબ-૧.** ચાંદ બિરાજે શિવની સંગે
મુજ રોમેરોમ, અમૃત વહે માતનું
મુજ નસેનસમાં,ચાંદ-અમૃતનું મિલન
ચાંદની સદાય વરસતી રહે
અમૃતની મીઠાશ સદાય વરતાતી રહે

**પ્રશ્ન-૨.** અમૃત જેવું પણ હશે, જરૂર એટલે
પ્યાલા રોજ પીવા વિષના
ટેવાઇ ગયા છો શું?

**જવાબ-૨.** માતે સજાવ્યો મુજને
અમૃત સિંચન, લેપન કરી
(જેથી) સંસાર મંથનતણું વિષ
અહર્નિશ બદલતો રહું અમૃતમહીં

**પ્રશ્ન-૩.** ખાઇ જાય સૂરજ કોઇનો
ના કોઇ એટલે
રોકવા રંજાડ આવ્યા
રાજયોગી કે!

**જવાબ-૩** અંધારા ઉલેચીને
પ્રકાશ પાથરવા
જલાવી જ્યોત મેં સેવાતણી
માતના માર્ગદર્શન થકી
પ્રકાશ પ્રાથરૂં અન્યના જીવન મહીં

**પ્રશ્ન-૪.** તમે ભેગાં મળી મા-બાળ
પરસ્પર પ્રીત ભીંજવો છો
અમે સંસારીઓ હેપી
કે (તમે) બર્થડે ઉજવો છો
તમારી પ્રીત માંથી તો
ઝરે છે ગીત ઝાઝાં પણ
કરીલો યાદ ક્યારે માત!
આવી અમને રીઝવો છો?

**જવાબ-૪.** મા-બાળના પ્રીતની વાત ન્યારી
ભીંજાયું છે સમસ્ત અસ્તિત્વ અમારૂં
પ્રીતનું સંગીત સદાય વહેતું રહે
માત સદાય તત્પર તમોને આવકારવા
શૂરવીરતા હોય તો આવો
આધ્યાત્મિકતાના મેદાનમાં
અધિકારી જો હોય
તાલ મિલાવી શકે

**પ્રશ્ન-૫.** સદાય સ્નેહીઓ મા-બાળ
શાને નામ આપો છો?
કહી પાટોત્સવ
પ્રીતને શણગાર આપો છો?

**જવાબ-૫.** અમે સ્નેહી ભવોભવના
વાત્સલ્યથી વિંટળાયા
એક દિન સ્નેહનો ઉત્સવ માણીએ
માતની અમીવર્ષા થાયે
નથી આ પ્રીતના શણગાર
છે આત્મ સમર્પણ મર્દાનગીનું



Scanned by CamScanner

**પ્રશ્ન-૬.** અમે ઉપાસના ઉત્સવ
કરી લેશું હવે કિંતુ-
અમારી કાલ માટે
શો તમે આદેશ આપો છો?

**જવાબ-૬.** તમારી કાલ માટે
મા-બાળનો આદેશ સદાય વહેતો રહે
જે હતો, છે અને રહેશે
અપનાવી લ્યો, અમલ કરો,
માનવતાની મહેંક પ્રસરાવતા રહો
તમ જીવન બાગમાં પ્રગટે વસંતો

**પ્રશ્ન-૭.** તમારી પ્રીત તો-
ઘેલી જમાતોનું પ્રદર્શન છે, કહો તો
પેસીએ ક્યારે તમે પ્રવેશ આપો છો?

**જવાબ-૭.** પ્રીતનું ન હોય પ્રદર્શન
થઇ જાય આપો આપો દર્શન
ભાવ પ્રગટે જો અંતરથી
પ્રવેશ થઇ જાય આત્મિયતાથી

**પ્રશ્ન-૮.** નથી સમજ્યો હજુ માતે
તમારૂં સ્મિત તસ્વીરમાં
જરા કે'શો કે, મારી મૂર્ખતા ઉપર
અગર તો પ્રાર્થના ઉપર?

**જવાબ-૮.** સ્મિત માણવા માતનું
બાળક બનવું પડે
માતને મન બાળ સરખા
અગર જો હોય મૂર્ખ કે શાણો!

**પ્રશ્ન-૯.** બદામોથી જરા આગળ-
હવે આવો તમે માતે!
વિષય જો હોય શ્રધ્ધાનો-
સબુતોની જરૂરત છે?

**જવાબ-૯.** વાત્સલ્યનો ઉદધિ ઉછળે
મોતી કિનારે છલકે
ન માનો સંબૂત પ્રસાદીને
એ તો માતનું હેત વરસે

**પ્રશ્ન-૧૦.** ઘણું મુશ્કિલ પડ્યું છે માતને-
કે'વું,-રે'વું અલગ તમથી
છતા છું અંશ કહીને
પૂર્ણતા શાને ન કારો છો?

**જવાબ-૧૦.** ગોચર-અગોચરનો સંયોગ
સદાય સધાતો રહે
છું બાળ માતનો, માત બાળની
એ વાત જગ જાહેર છે.

**પ્રશ્ન-૧૧.** બદલતો ઘર રહે માનવ
કહું તેને પરિવર્તન
બદલે ઇશ પણ જો ઘર
તો કે'વું એ ક્યું વર્તન?

**જવાબ-૧૧.** નથી બંધન ઇશને વર્તનનું
સદા એ સર્વથી પર
અણુએ અણુમાં સર્વત્ર રહે તો
ઇશ જો વાસ કરે ગોચરમાં
શ્રધ્ધા શરણાગતિ મૂલવાય ત્યાં
ઉપાસના મહેંકે ત્યાં
સાચી પ્રીત પરખાય

**પ્રશ્ન-૧૨.** વસે શ્રધ્ધા જો માનવમાં-
કહો એ તો સ્વાભાવિક છે
વસે પણ ઇશ જો આવી
તો એ શ્રધ્ધાને શું કહેવું?

**જવાબ-૧૨.** વસે જો ઇશ શ્રધ્ધામાં
રહેઠાણ એનું બની જાયે
શ્રધ્ધા પ્રજ્વલિત થાવા
શ્રધ્ધાળુઓની વણઝાર આવે
બની જાયે એ તીરથધામ

**પ્રશ્ન-૧૩.** ઘર બદલે છે મારી જેમ

**જવાબ-૧૩.** મરીઝોથી ભર્યું જગત આખું



Scanned by CamScanner

થયો ઇશ્વર છતાં ઇશ્વર
મરીઝોનું જગત છોડી
વસ્યો શ્રધ્ધામાં કાં ઇશ્વર?

ઇશનો વાસ સર્વત્ર જગતમાં
શ્રધ્ધા શરણાગતિનો મળે રાજમાર્ગ
ઇશની પહેચાન થાયે
આધિ વ્યાધિ ઉપાધિની દવા આવી મળે
સંસાર સાગરે આનંદની લહેરીઓ પ્રગટે

**પ્રશ્ન-૧૪.** વસ્યા તો છો તમે આવી-
અમારે અંતરે તેથી
જગા ક્યાં છે હવે ખાલી
બીજા કો ઇશને વસવા?

**જવાબ-૧૪.** વહેતું રાખજો પ્રેમનું ઝરણું
અંતર નિર્મળ રહેશે
આત્મા-પરમાત્માનું મિલન થાશે
અદ્વૈત સાધી શકાશે

**પ્રશ્ન-૧૫.** કહો છો રાજયોગી
એટલી ઓળખાણ કાફી છે?
કહું સાચી કવન તેથી
હજુ મારૂં તો બાકી છે
કહો છો રાજમાતાના કુંવર
એ વાત સાચી છે
પરંતુ કોણ છો મ્હારા
હજુ વૃતાંત બાકી છે

**જવાબ-૧૫.** બનાવો મને જે તમારો, તમારા ભાવથી
બનું હું તે તમારો આનંદથી

**પ્રશ્ન-૧૬.** ભર્યું ભક્તિ તણા ભાવે
તમે માપી લીધું અંતર
કહી શત્રુ વળી માગ્યું
નિકંદન ષડ્રિપૂ અંદર
કહ્યું શ્રધ્ધા અને શરણું
તમારૂં શોધવા માતે
તસ્બી તાલ સાથે
શું વગાડું ૐ મા ૐ જંતર?
જગતનો માનવી છું
મન દુઃભાવી શું કરૂં માતે?
પુરાણી દોસ્તીઓમાં
દવ લગાડી શું કરૂં માતે?

**જવાબ-૧૬.** ક્ષમતા પિછાણી ભક્તની
શ્રધ્ધા શરણાગતિનું સિંચન કરે
દુવૃત્તિઓને હટાવી
સદ્‌વૃત્તિઓનું સિંચન કરે
ભાવ જાણી ભક્તનો
સારથી બને જીવન રથનો

**પ્રશ્ન-૧૭** નદી વહી જો જાયે
કહેવું પડે મિલન
પણ, સાગર ધસી જો જાય તો
કરવું ય શું કવન?
મા-બાળ છો, ઘેલી તમારી પ્રીત છે
સતીશ! અન્ય નહિં કરવું પડે સ્તવન

**જવાબ-૧૭.** નદી તણું મિલન સાગરને
વાત જગ જાહેર
પ્રેમનો સાગર ઉછળે
નિયમ બદલે ઇશ
મા-બાળનું મિલન થાયે
વાત્સલ્યનો ધોધ વહે
આનંદની લહેરીઓ વહે



Scanned by CamScanner

**પ્રશ્ન-૧૮.** ફૂંકી ક્રાંતિ બ્યુગલ કેવું
અખિલ બ્રહ્માંડ ગજવો છો?
જગત મંદીરના ઘંટો મહીં
ધનુષ ટંકાર સરજો છો
લાવી સ્વર્ગની ચાદર થકી
સંસાર સજવો છો?
કે સૂતેલા શેષ-શૈયાની ઉપરને
શીદ જગવો છો ?

મૂક વાચા સ્તવન બને.
**જવાબ-૧૮.** પારખી જગતની નાડને
ઓસડિયાં પાઉં છું
માતની સંગ મસલત કરી
જૂની રસમ બદલું છું.



Scanned by CamScanner

# " કૃષ્ણનો સંદેશ વ્રજવાસીઓને "

શ્રી કૃષ્ણ પોતાના અવતારનું કાર્ય પતાવવા માટે ગોકુળ વ્રજભૂમિ, વ્રજવાસીઓનો પ્રેમ અને નંદ યશોદાનું વાત્સલ્ય છોડીને મથુરા આવ્યા હતા. રાધા, નંદ યશોદા, ગોપ ગોપીઓ અને ગાયોના વિરહની વાતો સાંભળી શ્રી કૃષ્ણ વ્યથિત થઇ જતા હતા.

વ્રજવાસીઓની વિરહવ્યથાને શાંત કરવા શ્રી કૃષ્ણ પોતાના પ્રિય સખા દીર્ઘની સાથે પોતાનો સંદેશો વ્રજવાસીઓને પાઠવે છે.

પૂજ્ય રાજયોગીજી પોતાની આત્મિક શક્તિથી શ્રી કૃષ્ણની ગોપિત વાતો જન્માષ્ટમીના દિવસ કુટિરમાં રજૂ કરે છે. તા. ૨૫-૮-૧૯૯૭, સોમવાર, જન્માષ્ટમીના દિવસે પૂજ્યશ્રી દીર્ઘ દ્વારા શ્રી કૃષ્ણએ વ્રજવાસીઓને પાઠવેલો સંદેશો રજૂ કરે છે.

કૃષ્ણ ગોકુળ છોડીને મથુરા ગયા પછી માત તાત-યશોદા નંદબાવા, રાધા, ગોપસખાઓ ગોપીઓ ગાયો અને સમગ્ર ગોકુળ વૃંદાવનની ગલીઓ, વૃક્ષો, લતાઓ, મોર, બપૈયા, યમુનાનો કિનારો વિગેરે બધું જ વિરહાગ્નિમાં જલી રહ્યું હતું, ચેતનહીન બની ગયું હતું. કૃષ્ણ પરત ગોકુળમાં આવે અને બધાની ચેતના જાગૃત કરે તેવા સંદેશાઓ કૃષ્ણને મોકલવામાં આવતા હતા. કૃષ્ણ પણ ગોકુળના પ્રેમ વિરહથી વ્યાકુળ હતા, છતાં પણ ફરજ અદા કરવા, કર્તવ્ય નિભાવવા માટે વિરહને સહી રહ્યા હતા.

ગોકુળ વાસીઓની વિરહવ્યથાને શાંત પાડવા પોતાના પ્રિય સખા દીર્ઘને ગોકુળમાં મોકલે છે. પોતાના કર્તવ્યની સાચી સમજ આપી, ગોકુળવાસીઓની પ્રેમની જ્યોતને પ્રજ્વલિત રાખી, વિરહાગ્નિને શાંત પાડવા પોતાનો સંદેશ કૃષ્ણ પાઠવે છે.

દીર્ઘ ગોકુળમાં સીધા જ નંદ-યશોદાની ડેલીએ આવે છે. કૃષ્ણનો સંદેશ લઇ દીર્ઘજી આવ્યા છે તેવી ખબર પડતાં જ સહુ ગોકુળવાસીઓ પ્રેમાશ્રૂ વહાવતાં, કૃષ્ણ ઘેલાંબની નંદબાવાની ડેલીએ દોડતાં આવે છે, અને કૃષ્ણની ખબર અંતર પૂછે છે. દીર્ઘજી ભાવવિભોર બની જાય છે અને કૃષ્ણનો સંદેશો તેઓને સંભળાવે છે.

૧.
કૃષ્ણ બાળ પધાર્યા ગોકુળમાં
વચન નિભાવવા કાજ
વાસુદેવ-દેવકીને દર્શન દેવા
કંસ કરવા વિનાશ
યમુનાજીને પાવન કરીને
પૂરવા મનની આશ
ગોકુળ વૃંદાવનની ધરા ભીંજવવા
કૃષ્ણ પધાર્યા ગોકુળમાં



Scanned by CamScanner

૨.

માત કૈકેયી, તાત દશરથ

ભ્રાતા લક્ષ્મણવીર

સુમંત સારથી અયોધ્યાવાસી

ઋષિમુનિ, વાનરસેના,

શબરી ને રીંછરાજ

સહુના મનની આશ પૂરવા

કૃષ્ણ પધાર્યા ગોકુળમાં

રામાવતારમાં કૈકેયી માતાએ અપયશ વહોરીને રામજીને તેમના અવતારનું કર્તવ્ય નિભાવવા માટે, અસુરોનો સંહાર કરવા, ઋષિમુનિઓની રક્ષા કરવા, શાપિત આત્માઓનો ઉધ્ધાર કરવા વિરહીઓની વ્યથા બુઝાવવા વનગમનનો આદેશ આપ્યો હતો. પિતા દશરથ વચનબધ્ધ થયા હતા. રામાવતારમાં તેમનું વાત્સલ્ય અધૂરૂં રહી ગયું હતું તે પૂર્ણ કરવા અને સંપૂર્ણ વાત્સલ્યને માણવા, બાળ ચરિત્રથી તેમને ભીંજવવા, પ્રાગચ્યના પ્રથમ દિવસથી જ વાત્સલ્યનું વલોણું કરવા હું ગોકુળમાં પધાર્યો.

રામાવતારમાં લક્ષ્મણ મારો પડછાયો બનીને મને હૂંફ અપાતો રહ્યો. માતા પિતા અને પત્નિનો પ્રેમ છોડીને, ચૌદ વર્ષ સુધી અડીખમ યોધ્ધાની જેમ અરણ્યમાં તે મારી સાથે રહ્યો. મારો અંગત સલાહકાર, શુભેચ્છક, અને સેવક બની રહ્યો. આ લક્ષ્મણ તે જ કૃષ્ણાવતારમાં મારો પ્રિય સખા દીર્ઘ.

સુંમત સારથી, અયોધ્યાવાસીઓ. ઋષિમુનિઓ વાનરસેના રીંછરાજ આ બધા જ મારી સાથે ભવોભવના બંધાણી બની ગયા હતા. તેથી આ બધાએ ગોકુળવાસીઓ, ગોપીઓ, ગોપસખાઓ ને ગૌરીમાતાના રૂપે ગોકુળમાં વાસ કર્યો. સર્વે ગોકુળવાસીઓ, તમે મારા મનમંદિરમાં, હૃદય સિંહાસન પર હંમેશા બિરાજીત છો. એક ક્ષણ પણ હું તમને વિસારી શકતો નથી.

શબરીએ માર્તંડઋષિના આશ્રમમાં ઋષિના આશીર્વાદ પર શ્રધ્ધા રાખીને રામાવતારમાં જીંદગીભર પ્રેમથી મારા આગમનની, મારા દર્શનની પ્રતિક્ષા કરી અને મારા દર્શન કરી ધન્ય બની. શબરી તેજ મારી રાધા, સતત વહેતી પ્રેમની ધારા જેના સમસ્ત અસ્તિત્ત્વમાંથી વહેતી રહે છે. રાધા અને હું અભિન્ન છીએ. રાધા મારા વક્ષઃસ્થળ પર અહર્નિશ બિરાજીત છે.

વામન અવતારમાં બલિરાજા પાસે ત્રણ પગલાં જમીનનો સંકલ્પ મૂકાવતાં જળાધારી-પાણીના કળશમાંથી વહી રહેલું જળ, તે જ આ યમુનાજી. મેં તેમને ચરણ સ્પર્શનું વચન આપ્યું હતું. શ્રાવણવદ અષ્ટમીની મેઘલી રાતે વાસુદેવજી મથુરાની જેલમાંથી છાબડીમાં મને સુવરાવીને ગોકુળમાં આવતાં યમુનાજીને પસાર કરતાં યમુનાજી મારો ચરણ સ્પર્શ કરવા અધીરી બની, મેં છાબડીમાંથી પગ બહાર કાઢ્યો, ચરણ સ્પર્શ થતાં જ યમુનાજીએ માર્ગ કરી આપ્યો. બાળસખાઓ સાથે મેં યમુનાજીના કિનારે અને તેના જળમાં ઘણી જ ખેલકુદ અને મસ્તી કરી છે. યમુનાજી મારી પ્રિય સખી છે. મારા રંગમાં તે રંગાઇ ગઇ છે તેથી તો તે શ્યામવર્ણી છે.

૩.

કૃષ્ણ સખા મારા જગતપિતા

ને સૃષ્ટિમાં સર્જનહાર છે.



Scanned by CamScanner

**સકળ સૃષ્ટિમાં વ્યાપ્ત રહી એ**
**અગોચરમાં પર્યાપ્ત છે.**
**નંદ યશોદા તમ બાળ એ તો**
**પરમનો અવતાર છે.**
**નિજ પ્રકૃત્તિ-સૃષ્ટિને માણવા**
**કૃષ્ણ પધાર્યા ગોકુળમાં**

કૃષ્ણ પોતાના અવતારનું રહસ્ય દીર્ઘની વાણીમાં વહેતું કરે છે.

દીર્ઘજી કહે છે, મારો પ્રિય સખા કૃષ્ણ, આપનો નટખટ કનૈયો તો જગતનો પિતા છે. સૃષ્ટિનો સર્જનહાર છે, પાલનકર્તા છે.

મા યશોદાજી, તાત નંદજી, આપને વાત્સલ્યનું પાન કરાવવા, બાળ સ્વરૂપે, બાળ ચેષ્ટાઓ કરી, ગોકુળ વૃંદાવનમાં છવાઇ ગયો, પરંતુ તે તો સકળ સૃષ્ટિમાં છવાયેલો છે. પ્રાકૃતિક, અપ્રાકૃતિક સૃષ્ટિમાં તે વ્યાપ્ત છે. સહુના અંતઃકરણમાં તે બિરાજીત છે. વળી આ સૃષ્ટિમાં જ નહીં પરંતુ અગોચર સૃષ્ટિમાં પણ તે છવાયેલો છે. સૃષ્ટિના રજેરજમાં, જડચેતનમાં તેનો વાસ છે.

માડી યશોદા, યાદ છે તમને, કનૈયાએ માટી ખાધી હતી તે? આપે તેનું મુખ ખોલાવ્યું હતું? માટી ખાવાનું તો ખાલી તેનું બહાનું જ હતું. મુખ ખોલીને આપને બ્રહ્માંડનાં દર્શન કરાવવાં હતાં. આપે સકળ બ્રહ્માંડનાં દર્શન કર્યા હતાં તે યાદ છે ને? પૂર્ણ પુરૂષોત્તમ બ્રહ્મ સ્વરૂપ તે જ આપનો બાળ કનૈયો.

દહીં-માખણ ઢોળી નાખ્યું ત્યારે આપે એને ખાંડણિયે બાંધ્યો હતો. આપ ગુસ્સે ભરાઇ તેને દોરડું બાંધતા હતાં ત્યારે દોરડું એક વહેંત ટુંકુ જ પડતું હતું, તે બંધાતો જ ન હતો. આપે ઘરના બધાં જ દોરડાં-દામણ ભેગા કર્યા પણ તે ન બંધાયો, આપ થાકી ગયાં અને પ્રેમથી તેને કહ્યું ત્યારે જ તે બંધાયો હતો. યાદ છે ને એ પ્રસંગ? પરમાત્મા હંમેશા પ્રેમથી જ બંધાય છે. ગુસ્સાથી-ક્રોધથી તે ક્યારેય બંધાતો નથી. આપે દોરડું ખાંડણિયા સાથે બાંધી તેને શિક્ષા કરી હતી. ખાંડણિયે ઘસડાતો તે આંગણામાં આવ્યો અને આંગણામાં ઉભા રહેલા બે યમલાર્જુન નામના વૃક્ષો પાસે આવ્યો. મોટો ખાંડણિયો બે વૃક્ષોની વચ્ચે ફસાયો. કૃષ્ણએ જોર કરીને ખાંડણિયાને ખેંચ્યો અને તેના વજનથી-સ્પર્શથી બે વૃક્ષો ધરાશાયી થઇ ગયા અને તેમાંથી બે તેજસ્વી પુરૂષો પ્રગટ્યા. આ બે તેજસ્વી પુરૂષો કુબેરના બે શાપિત પુત્રો હતા. આમ શાપિત આત્માઓનો ઉધ્ધાર કરવા તે ખાંડણિયે બંધાયો હતો.

નાનો બાળક કંઇ ગાડું ઉથલાવી શકે?

યાદ છે આપને? ઉત્સવની ઉજવણી વેળાએ આપે તેને ગાડા નીચે ઝોળી બાંધીને સુવરાવ્યો હતો. આપ સર્વે ગોકુળવાસીઓ સાથે તહેવારની મસ્તીમાં વ્યસ્ત હતાં. શકટાસુર નામના અસુરનો, પગની ઠેસથી ગાડુ ઉથલાવીને આ બાળ કનૈયાએ સંહાર કર્યો હતો આકાશમાં ઉડીને તૃણાવર્તનામના અસુરનો સંહાર કર્યો હતો. સ્તનપાન કરાવવા આવેલી પુતનાનો નાશ કર્યો, યમુનાજીના જળને ઝેર-વિષ રહિત કર્યા, બ્રહ્માનો મદ ઉતારવા એક વર્ષ સુધી બ્રહ્માએ હરી લીધેલાં-ગુમ કરી દીધેલાં ગોપબાળો અને ગાયોનું બીજું સ્વરૂપ ઉત્પન્ન કરી, ગોકુળવાસીઓને શોક અને ઉપાધિમાંથી મુક્ત કર્યા. ઇન્દ્રનો મદ



Scanned by CamScanner

ઉતારવા ગિરિરાજ પર્વતને ધારણ કરી ઇન્દ્રના વર્ષા તાંડવના પ્રકોપથી સમસ્ત ગોકુળવાસીઓને આશ્રય આપ્યો. પરમાત્મા સિવાય સામાન્ય ગોપબાળ આવું કાર્ય કરી શકે? આપનો કનૈયો તો સ્વયમ્ પરમાત્મા છે.નિજ પ્રકૃતિને અને સૃષ્ટિને માણવા તે વાંસળી વગાડતો, બંસરીના સૂર છેડવામાં તેને ઓર મઝા આવતી. બંસરીના સૂરથી સમસ્ત સૃષ્ટિ ચેતનવંતી બની જતી, સ્વર્ગીય આનંદમાં ડોલી ઉઠતી.

શરદ પુનમની રાત્રિને છ મહિના જેટલી લંબાવીને, વૃંદાવનમાં ગોપ-ગોપીઓ સાથે રાસની રંગત જમાવી. એક એક કૃષ્ણ અને એક એક ગોપી, અને વચમાં રાધાકૃષ્ણની જોડી. દરેકને કૃષ્ણ સાથે રાસ રમવાનો લહાવો મળ્યો. પરમાત્મા સ્વયમ્ પોતાની પ્રકૃત્તિ અને પોતે રચેલી સૃષ્ટિને માણવા પૃથ્વી પર અવતરણ કરે છે. ગોકુળવાસીઓ આપ તો પરમ ભાગ્યશાળી છો કે સ્વયમ્ પરમાત્મા કૃષ્ણ રૂપે આપની સાથે રાસ રમ્યા ને નિજાનંદની મસ્તીમાં આપ સહુને તરબોળ કરી દીધા.

૪.

**ગોકુળ, વંદાવન ને યમુનાનાં નીર**
**ગાયો, ગોપી ને ગોપ સખાઓ**
**શાપિત આત્માઓ ને વૃક્ષવેલીઓને**
**આત્માનંદની અનુભૂતિ કરાવવા**
**કૃષ્ણ પધાર્યા ગોકુળમાં.**

કૃષ્ણએ ગોકુળમાં જ બાળલીલા કરવાનું શા માટે પસંદ કર્યું?

નંદ-યશોદા અને બાળ સખાઓને આપેલું વચન નિભાવવા, શાપિત આત્માઓનો ઉધ્ધાર કરવા, વ્રજની રજને પાવન કરવા અને સમસ્ત જડ ચેતન સૃષ્ટિને આત્માનંદની અનુભૂતિ કરાવવા માટે જ કૃષ્ણ ગોકુળમાં પધાર્યા હતા.

૫.

**દૂધ, દહીં, માખણ ને માણવા**
**બ્રહ્મા, ઇન્દ્રનું અભિમાન ઉતારવા**
**અસુરોનો સંહાર કરવા**
**કૃષ્ણ પધાર્યા ગોકુળમાં**

ગોકુળની ગાયોની જ નિપજ દૂધ, દહીં, માખણથી ગોપબાળકો, ગાયો, વાછરડાંને વંચિત રાખીને મથુરાના રાજાને 'કર' રૂપે દૂધ આપવામાં આવતું. કૃષ્ણ-ક્રાંતિકારી કૃષ્ણ આવો અન્યાય કેવી રીતે સહન કરી શકે? તેણે દૂધ, દહીં, માખણની મઝા સમસ્ત ગોકુળમાં લૂંટાવી. ગોપબાળકો, ગાયો, વાછરડાંઓ, વાનરો સહુને દૂધ, દહીં, માખણથી તૃપ્ત કર્યા, અને મથુરાના રાજાને અન્યાયથી અપાતો કર બંધ કરાવ્યો.

તૃર્ણાવર્ત, અધાસુર, બકાસુર, શકટાસુર, પુતના, કંસ વગેરે અનેક અસુરોનો બાળ કૃષ્ણે સંહાર કરી, ગોકુળવાસીઓને તેમના ત્રાસમાંથી બચાવી લીધાં. ઉપરાંત ષડ્રિપૂ રૂપે અજ્ઞાનથી ગોકુળવાસીઓમાં પ્રવેશવા માગતા કામ, ક્રોધ, લોભ, મદ, મોહ, ઇર્ષ્યાને અટકાવી, નિર્દોષતા, પવિત્રતાને ટકાવી રાખી. વસ્ત્રાહરણ કરી ગોપીઓને વિવેક, વિનયની શિક્ષા આપી.



Scanned by CamScanner

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

વૃંદાવનની મસ્તી

[illegible] ભેટી કરવા

કૃષ્ણ પધાર્યા ગોકુળમાં

[illegible] પર સદાય સ્થાન આપ્યું. ગોપીઓની [illegible] હતી, માખણની મટકી ફોડી નાખતો, માખણ [illegible] મટકી કંકર મારીને ફોડી નાખતો છતાંય આ [illegible] ગોપ બાળકો, ગોપ સખાઓ સાથે ગેડી દડે [illegible] આવતી. અને પેલી ગાયો પણ કેવી ઘેલી [illegible] કૃષ્ણની રાસ દોડી જતી.

[illegible] એક સંભારણું બની ગયો. યાદ છે રાસમાં કૃષ્ણએ અનેક [illegible] રાસ રમવાનો લહાવો મળ્યો હતો. આવાં અનેક રૂપ કૃષ્ણ [illegible] હતા. અને એ તો તેમની લીલા હતી. રાસ [illegible]

કૃષ્ણ સખા મારો

આપેલ વચન નિભાવે

સત્યનો સંગ કરાવે

ભવોભવનો સાથ નિભાવે

જીવન રાહ બતાવે

એવા મારા કૃષ્ણ સખાનો સંદેશ આપવા

આજ દીર્ઘ પધાર્યો તુજ આંગણિયે

[illegible] ગોકુળવાસીઓના વિરહને હળવો કરતાં દીર્ઘજી, [illegible] વચન નિભાવવા અને ભક્તોને રક્ષણ, માર્ગદર્શન [illegible] "મારા કૃષ્ણ સખાનો આ સંદેશો આપવા હું આપના આંગણે આવી, [illegible] ધન્ય બની ગયો."



Scanned by CamScanner

# "સહજ ઉપાસના ઉદ્‌ગાતા"

ડૉ. તપસ્વી નાન્દી

પૂજ્યશ્રી એટલે એવા ગુરૂ જે લોકોત્તર, સર્વમાન્ય જનથી સર્વ રીતે ઉત્તમ, ઉચ્ચતર, ઉર્ધ્વતર, વિલક્ષણ, વિરલ, વિશેષ, વિભૂતિરૂપ છે. તેમનામાં પરમાત્મા સાક્ષાત્-પ્રત્યક્ષ રીતે વિરાજમાન છે. સઘળા જીવો આમ તો પરમતત્ત્વના અંશરૂપ છે જ- ममैवांशो जीवलोके जीवभूतः सनातनः, પણ એ આવિર્ભાવો ઉપર અજ્ઞાન, મોહ, માયા, અંધશ્રધ્ધા અને અંહકાર તથા મમત્વના થરના થર જામી ગયેલા છે. જ્યારે પૂજ્યશ્રી પરમતત્ત્વના અર્ક રૂપે, પરિશુધ્ધ રૂપે, શુધ્ધ, બુધ્ધ, નિત્ય, મુક્ત, સંન્યાસી, સર્વ કર્મ ફલ ત્યાગી, સ્થિતધી મુનિ રૂપે પ્રગટ્યા છે. તેઓશ્રી જિતેન્દ્રિય છે, સ્થિતપ્રજ્ઞ છે, મહાન ભક્ત છે, સવાસન હોવા છતાં નિર્વાસન છે, પરબ્રહ્મ જોડે હાથ મિલાવીને વાતો કરનારા છે. અધિકારી છે, પરમત્ત્વ - શ્રી ગાયત્રીમા- દ્વારા આ કાર્યમાં નિયોજિત છે. આવા ગુરૂ પ્રાપ્ત થવા એ સંસારીઓ માટે અનેક જન્મનાં પુણ્યોના પરિપાકરૂપ છે, અનેક ભવોની 'સાધના, ભક્તિ, તપ, દાન, બધાં જ સત્કર્મોના સુફલ રૂપ છે. 'દુર્ગં પથઃ' પાર કરવા માટેના હમસફર છે.

મહર્ષિ શ્રી અરવિન્દે એક સ્થળે નોંધ્યું છે કે, "જેવી રીતે ઘણા સારા અને માયાળુ માણસો કઢંગા અને તેમના વર્તનમાં અસભ્ય હોય છે તેવી રીતે ઘણા આધ્યાત્મિક માણસો (અહીં મારા કહેવાનો અર્થ એ છે કે આધ્યાત્મિક માણસો એટલે જેમને ઉંડી આધ્યાત્મિક અનુભૂતિ થયેલી છે) એવા છે કે જેમને સ્થૂલ જીવન કે કર્મ ઉપર કશી પકડ હોતી નથી (ઘણા બુધ્ધિમાન લોકો પણ, એમ તો, એવા જ હોય છે) અને પોતાના વર્તન વિષે જરા પણ કાળજી રાખતા નથી હોતા, હું ધારૂં છું કે મારા પોતાના ઉપર પણ અસત્ય અને ઘમંડી વર્તનનો ગુન્હો મૂકવામાં આવેલો છે, કારણ કે, હું લોકોને મળવાની ના પાડું છું, પત્રોના જવાબો આપતો નથી, અને કેટલીય ગેરવર્તણૂંકો કરૂં છું. મેં એક જાણીતા સાધુ વિષે સાંભળેલું કે એમના આશ્રમમાં જે કોઇ આવતું તેના ઉપર પત્થરો નાખતાં હતા કારણ કે તેમને શિષ્યો કરવા ન હતા અને ઉમેદવારોની રેલને દૂર રાખવાનો બીજો કોઇ રસ્તો એમને સૂઝતો ન હતો." આની પડછે આપણે પૂજ્યશ્રીનો વિચાર કરીશું તો જણાશે કે શ્રી માતાજીના આદેશ પ્રમાણે તેઓ વિરક્ત હોવા છતાં સંસારી બન્યા અને સંસારની અપેક્ષાઓ સંતોષી એટલું જ નહિ, પણ અન્ય સમગ્ર સંસારી સમુદાયની બિલકુલ વચ્ચે રહીને, એમનામાંના જ એક થઇને કાર્ય કરવાની અનોખી પધ્ધતિ અપનાવી. ગુરૂદેવ એટલા તો નમ્ર છે કે સામાન્ય સજ્જનને તો એમ જ લાગે કે, ઓહો! આ તો આપણા જેવા જ છે. આપણા જેવી જ વાતો કરે છે, હસે છે, બોલે છે, રમે છે, નાચે છે, કૂદે છે, અવસરો મનાવે છે, કાર ડ્રાઇવ કરે છે, સુંદર વસ્ત્રો અને આભૂષણોનો અંગીકાર કરે છે, અરે આ તો આવા જ છે, આપણા જેવા! પણ 'હીરા મુખસે ના કહે લાખ હમારા મૂલ' એ કહેવત પ્રમાણે જેમનાં ચિત્ત હરિરસથી રંગાયા છે, જેમની ચેતના સહેજ પણ ઉર્ધ્વગામિની બની છે, જેમને પરમતત્ત્વનાં દર્શન કરવાની આછી કલ્પના - તાલાવેલીની વાત તો બાજુ પર રહી - પણ ફક્ત કલ્પના, વિચાર જ આવે છે, તેવા મુમુક્ષુઓ જ જાણી શકે કે પૂજ્યશ્રી નર્યા દિવ્યત્વના બનેલા છે, 'ચિન્મય' છે, આનન્દમય, ચૈતન્યમય, સત્યમય, પરમતત્ત્વ રૂપ છે.



Scanned by CamScanner

# "ઉપાસના દિન"

"નવમી ડીસેમ્બર" (પાટોત્સવ) હેમંત ઉપાધ્યાય

આજનો ઉત્સવ કાંઇક વિશેષ હતો, કારણ કે માતાજીનો આ નવમો પાટોત્સવ અને ઉપાસના દિન નામાભિધાન પછીનો પ્રથમ ભક્તોત્સવ, નવમી ડીસેમ્બર ૧૯૮૯ ના રોજ મંદિરના ગર્ભમાં હસ્તલિખિત લાખો મંત્રના પૂજન પછી માતાજીને સદાય નિવાસની પ્રાર્થના થઇ અને આજ સુધી, શ્રધ્ધા કુટિરમાં આવતો દરેક ભક્ત માતાજીની અતિપ્રિય છબીને પ્રણામ કરીને, પ્રાર્થનાઓ કરીને પછીજ પૂજ્યશ્રીના ચરણોમાં નમન કરવા આવે છે. શાસ્ત્ર ભલે કહેતું હોય તે ગુરૂ અને ગોવિંદ બંને ઉભા હોય તો પ્રથમ ગુરૂને વંદન કરો અને પછી જ ગોવિંદને, પણ આ તો ક્રાંતિકારી સંતની કુટીર - અહીં પહેલા માતાજી અને પછી બાળ એટલે પૂજ્યશ્રી -

આજનો ઉત્સવ આધ્યાત્મિક યાત્રાના પ્રારંભથી સાંજે ચાર વાગે શરૂ થયો. રજાનો દિવસ નહોતો છતાંય ભક્તોથી કુટીર પ્રાંગણ છલકાઇ ગયું હતું. આજની આ વિશિષ્ટ અને ઉત્સવ સંકલિત આધ્યાત્મિક યાત્રામાં ભક્તોએ દીપયજ્ઞ દ્વારા ઉપાસના દિનના વધામણા લીધાં. જેમ દિવાળી - દીપપર્વ બને તેમ આજનો ઉત્સવ દીપયજ્ઞના અનેક પ્રજ્વલિત દીપથી ખુબ આકર્ષક બની ગયો.

બરાબર સાંજે ૬-૧૦ મીનીટે પૂજ્યશ્રીએ કુટીરમાં પ્રવેશ કર્યો ત્યારે ક્યાંક ઉભા રહેવાની પણ જગ્યા નહોતી. બાળકને જોઇને આનંદિત થાય એ તો જાણ્યું છે. પણ માતાજીના પાટોત્સવમાં આજ એમના બાળનો ચહેરો એટલો પ્રભાવિત અને આનંદિત હતો કે, જાણે નજર હટાવવાનું મન જ ન થાય.

ઉપાસના દિનની શરૂઆત પણ કેવી માંગલિક - સામાન્ય સંજોગોમાં દરેક પ્રસંગની ઉજવણીની શરૂઆત પ્રભુ પ્રાર્થનાથી થાય પણ આતો ઉપાસના દિન... એટલે પ્રથમ પૂજ્યશ્રીએ આધ્યાત્મિક યાત્રાના સહભાગીઓને જીવનમાં આધ્યાત્મિકતાના શિખરો સહેલાઇથી પામવા માટે ના આશીર્વાદ આપ્યા. જીવનમાં ઉપાસનાને પણ એક નિયમિત, શ્રધ્ધા ભર્યું સ્થાન આપીને આધ્યાત્મિક યાત્રામાં માંડેલા કદમને ઝડપ આપવાની હાકલ કરી તથા તેઓ દરેક શરણાગતની સાથે રહેશે એવી હૈયાધારણ આપી.

ત્યાર પછી કુટીર ભક્ત મુંજાલ જે હાલ આફ્રિકા છે તેના દ્વારા રચિત પ્રાર્થના ભાઇશ્રી રમેશભાઇના સુમધુર કંઠથી રજૂ થઇ. શબ્દો હતા- "વેદમાત હૈ, વિશ્વમાત હૈ, પરમશક્તિ હૈ, પ્રણવશક્તિ હૈ" માતાજીના સ્વરૂપોની ગાથા સાથે ભક્તની પ્રાર્થના પ્રદર્શિત કરતી આ કાવ્ય રચનાએ ભક્તોને ડોલાવી દીધા - અને પછી હિમાંશુભાઇ દંપત્તિએ સુંદર ગીત રજૂ કર્યું. જેના શબ્દો હજી ગુંજે છે..."ખુશ્બુ તેરે ચમનકી લીયા કરેંગે હમ... માઇ તેરી દુઆઓસે જીયા કરેંગે હમ"... જીવનના એક એક શ્વાસ માટે પણ માતાજીની દુઆઓ માંગતી યાચના... ખુબ પ્રશંસનીય રહી... વળી એજ દંપત્તિએ બીજી આજીજી પૂજ્યશ્રીના ચરણોમાં સમર્પિત કરી... "અમારો તું છે તારણહાર... રાજયોગી અમે તારાં નાના બાળ"... કેવો જોગાનુજોગ... માના બાળ પૂજ્યશ્રી, માતાજીને રીઝવે અને આજે ભક્તો બાળ બની પૂજ્યશ્રીને ખોળો પાથરે... ઉપાસનાના પગથિયાં કેવાં સરસ ગોઠવાયાં, ફરીથી શ્રી રમેશભાઇએ રજૂ કરી એક ભાવના... "શ્યામ તારા વિના એકલું લાગે" આખાય ગાયકવૃંદનો સંગીતસાથ અને



Scanned by CamScanner

કંઠસાથ વખાણવા લાયક રહ્યો.

હવે શરૂ થઇ ભક્ત ભાવનાઓ... પ્રથમ બહેનશ્રી પૂર્ણિમાબહેને આજના પ્રસંગે વેદમાતાને ખુલ્લો અગંત પત્ર રજૂ કર્યો. માતાજીને આ પત્ર દ્વારા કેટલાય પ્રકારની વિનવણીઓ અને આજીજી થઇ... ત્યારબાદ શ્રીમતિ ભાવનાબહેને આજના પ્રસંગે પોતાની ભાવનાઓ પૂજ્યશ્રીને સમર્પિત કરી... પાટોત્સવ શબ્દનું વિશ્લેષણ અને આજના દિનની મહત્તા આલેખતું એમનું લખાણ ખૂબ સરસ રહ્યું... અને પછી "ઉપાસના દિન મુબારક હો" ના એક એક અક્ષરને જોડતી આજના પ્રસંગને ઉચિત ભાવના હેમંતભાઇએ રજૂ કરી... પૂજ્યશ્રીએ એ અક્ષરો રચિત પ્રાર્થનાને આશીર્વાદ આપ્યા જે પ્રસાદી રૂપે ભક્તોને વહેંચવામાં આવ્યા... વળી હેમંતભાઇ રચિત મંગલ ભાવના પણ મંગલાષ્ટક કંઠમાં રજૂ થઇ અને મંગલકારી વાતાવરણ બનાવવામાં મનિષભાઇ ત્થા અરવિંદભાઇએ સહકાર આપ્યો. સહુનું મંગલ થાવ એવી ભાવના - શુભેચ્છા અને આશીર્વાદ યાચના રજૂ થયાં.

અને હવે કુટીરના રાજકવિ શ્રી સતિષભાઇએ આજના દિનનું વિચારબિંદુ રજૂ કર્યું. આજે વસંતોત્સવ છે... ઉપાસના દિન છે અને "શ્રધ્ધા" એ ઉપાસનાનું પ્રારંભિક સ્વરૂપ છે... ઇશ્વરને પ્રેમસભર યાદ રાખવાની પધ્ધતિ એટલે પાટોત્સવ. આજનો ઉત્સવ એટલે પરમાત્મા વહેલો અને સરળ રીતે યાદ રહી જાય તેવો પ્રસંગ... પછી શરૂ થઇ પ્રશ્નોત્તરી... છેલ્લા બે ત્રણ વર્ષથી પૂજ્યશ્રીના ઉત્સવમાં પ્રશ્નોત્તરી રખાય છે, સામાન્ય સમાજ ભલે એને આ નામથી ઓળખે પણ ખરેખર તો આજ સુધીના પૂજ્યશ્રીના મૌનને પીગાળીને એમના જ્ઞાન સમંદરમાંથી એક એક બુંદ ભક્તો સુધી પહોંચાડવાનો માનસિક વ્યાયામ છે. ગમે તેવો પ્રશ્ન પૂછો પણ આધ્યાત્મિકતાના વર્તુળમાં, પોતાના શાસ્ત્ર અને મંતવ્ય મુજબનો નિર્ભય છતાંય શબ્દોની આંટીઘૂંટી વગર સરળ અને સચોટ છતાંય સવાયો જવાબ પૂજ્યશ્રીના મુખે સાંભળવો એટલે મફતમાં સ્વર્ગની ઝાંખી કરવી અથવા સહેલ કરવી"... અને એટલે જ તો સતિષભાઇએ કહ્યું... "મૌનનો બરફ ઓગળી જાશે... જળબંબાકાર થશે... કદાચ્ તણાઇ જાશું તો ફીકર નથી"...

પ્રશ્ન શૃંખલા અહીં રજૂ કરતો નથી છતાંય માત્ર એક ઝલક રજૂ કરૂં છું... પ્રશ્ન પુછાયો કે માતાજી બદામથી આગળ વધશે... આવા સાક્ષાત્કારના સબૂતોની જરૂર ખરી? આ ભાવાર્થ જ છે. પણ પૂજ્યશ્રીનો જવાબ જૂઓ...

ન માનો સબૂત પ્રસાદીને
　　એ તો માતનું હેત છલકે
કાંટા ખૂંચે એનું દુઃખ નથી
　　સંતોષ... હાથમાં સાચું ગુલાબ છે...

આ આખીય પ્રશ્ન કવ્વાલીમાં જે કાવ્ય સ્વરૂપમાં હોય છે, એ એટલું ભાવાત્મક, રસપ્રદ અને છતાંય આધ્યાત્મિક વાતાવરણ સર્જી દે છે કે કહેવાનું મન થાય... સમયના કાંટાઓ વિરામ કરો... અને પૂજ્યશ્રીએ વિતતા સમયની સામે દષ્ટિ કરીને આજના દિને "દિવ્ય દષ્ટિ" પ્રાપ્ત કરવાના સરળ ઉપાયો બતાવ્યા... સૃષ્ટિના ચારેય યુગ સત્, દ્વાપર, ત્રેતા, કળયુગમાં દિવ્ય દષ્ટિ અને અર્વાચીન યુગની યંત્ર શક્તિ ત્થા મંત્ર શક્તિના અનેક પાસાઓની ચર્ચા કરી... મંત્ર શક્તિથી શસ્ત્રોમાં પણ શક્તિ સિંચન થઇ



Scanned by CamScanner

શકતું... માતાજીના સાક્ષાત્કારની અનુભૂતિ માટે દિવ્ય દૃષ્ટિ કેળવવાની પ્રક્રિયા પણ - ખેતરમાં પાક ઉત્પાદનના સરળ દૃષ્ટાંત સાથે સમજાવી... આજના આખાય પ્રસંગ ઉદ્‌બોધન અને ચર્ચા વિષય - "દિવ્ય દૃષ્ટિ" પ્રાપ્ત કરવાનું તો બાજુએ પણ સમજવાનું પણ કેટલું અઘરૂં છે એનો અનુભવ સૌને થયો... એક આંતર ભાવના જન્મી... આપણે તો ગુરૂદેવના ચરણો સુધી જ ઠીક છીએ...

બરાબર રાત્રે નવ વાગે ઉત્સવની પૂર્ણાહુતિ થઇ ત્યારે ભક્તોમાં એક જ ભાવના પ્રગટ થતી રહી... ઉત્સવો વારંવાર આવે તો કેટલું સારૂં... પૂજ્યશ્રીની વાણીનો જ્ઞાન પ્રસાદ તો મળતો રહે... અને છતાંય સેવઉસળ ત્થા બુંદીના પ્રસાદને સૌ આરોગતાં રહ્યાં અને શ્રધ્ધાતીર્થને, પૂજ્યશ્રીને ત્થા માતાજીના નિવાસને વંદન કરતાં કરતાં વિદાય થયાં.

ૐ મા ૐ

## ઉપાસના દિન મુબારક હો

(તા. ૯-૧૨-૯૭)

**ઉં**મર વધતી જાશે હરદિન
**પા**સ કશું નહીં રહે આખરિદિન
**સ**મય પારખી જેણે કર્યાં છે કામ
**ના**મ જોડી દીધાં સદ્‌ગુરૂને ધામ
**દિ**ન પ્રતિદિન કળજુગ ફેલાતો જાશે
**ન**વ સૂત્ર ધારણથી પુણ્ય કર્મ પાંગરશે
**મૂ**ડી મોક્ષ તણી છલકાઇ તો જાશે
**બા**નમાં રહેશે સહુ ષડ્‌રિપૂઓ
**ર**મતાં રમતાં માનવતાવ્રત તો થાશે
**ક**ર્મ ફળના દુઃખ તો ડૂબતાં જાશે
**હો**ય જો કૃપા સદ્‌ગુરૂ સહિત માતની



Scanned by CamScanner

# "કુટીર છે કલા મંદિર"

૨૭-૭-૯૭

હેમંત ઉપાધ્યાય

પરમ પૂજ્ય ગુરૂદેવ રાજયોગી નરેન્દ્રજીનું નિવાસ સ્થાન, ૭૭, યોગેશ્વર નગરના શ્રધ્ધા બંગલાનું આંગણ સાંજના સમયે કુટીરમાં પરિવર્તિત થાય છે. આ ચોકના એક ભાગને કુટીરની આકૃત્તિમાં ફેરવ્યો છે પણ ખરો, જ્યાં સાંજના સમયે પૂજ્યશ્રી ભક્તો સાથે અવનવી વાતો કરે... ભક્તો પણ આધ્યાત્મને સમજવાનો સહજ પ્રયાસ કરે અને પૂજ્યશ્રી ત્થા બ્હેનજીની પ્રેરણાથી વાત વિષયને સરળ ભાષામાં આધ્યાત્મિક ચર્ચાના એરણે મૂકીને પૂજ્યશ્રીના શાસ્ત્ર અને મંતવ્ય અનુસાર ઉકેલ શોધાય... પૂજ્યશ્રીની આ સંધ્યા સભામાં કોઇપણ સંત-સમાજ-ધર્મ નો રેફરન્સ કરવાની સખ્ત મનાઇ છે. કોઇની ક્યાંક સરખામણી નહીં, પૃથક્કરણ નહીં, કોઇનો વાદ કે વિવાદ નહીં... માત્ર પોતાની અને આપણી જ વાત...

ખેર! હું તો આ શ્રધ્ધા કુટીરને એક નવા રૂપથી જોઉં છું કુટીર એ સત્સંગ સ્થળ તો ખરૂં જ પણ પૂજ્યશ્રીની ઉપસ્થિતિમાં, એમના-સાનિધ્યમાં, ભક્તોમાં રહેલી સૂષુપ્ત કલાઓને, વિદ્યાઓને, નિપુણતાને વિકસાવવાનું કેન્દ્ર પણ બની ચુક્યું છે. આવો લાભ પૂજ્યશ્રી બીજે ક્યાંક આપતા નથી.

(૧) વિચારો... જ્ઞાન ગોષ્ઠિનો કાર્યક્રમ... તમારા વિચાર્ણેને સ્પષ્ટ રીતે રજૂ કરી શકવાની આવડત કેળવવાનું માધ્યમ... વાંચો, સમજો, વિષયની રજૂઆત કરીને વક્તૃત્વ કળામાં આત્મવિશ્વાસ કેળવો. અરે! નાના છ થી સાત વર્ષના બાળક પણ અહીં ૩૦ થી ૪૦ ની હાજરીમાં "મને ગુરૂદેવ ગમે છે" એક વાક્ય પણ નિર્ભયતાથી બોલે છે. આ થઇ રજૂઆતની કળા...

(૨) મંથન... જ્ઞાન બીજના કાર્યક્રમમાં પૂજ્યશ્રી દ્વારા વર્ષો પહેલાં આલેખાયેલ બીજને વિચાર વૃક્ષમાં ફેરવવા મંથન કરો. પૂજ્યશ્રીની વિચારધારાને આ મંથન પ્રક્રિયા દ્વારા સમગ્ર ભક્ત સમુદાય માટે ઉપદેશીય બનાવવાનો હોય ત્યારે વ્યક્તિગત પૃથ્થકરણ નિપુણતા દાદ માંગી લે તેમ હોય છે. આ કળામાં આપની નિપુણતા કે આવડત ખીલે તેવો આ બીજો કાર્યક્રમ...

(૩) સમજ શક્તિ... જ્ઞાન ગોષ્ઠિના વિષય પર ખુબ લંબાણ પૂર્વક જૂદા જૂદા ભક્તો દ્વારા થયેલી ચર્ચાને અંતે, એ જ વિષયની ગહનતાને સમજવા પૂજ્યશ્રી સાથે સીધો વાર્તાલાપ... આપ વિચારીને, સમજીને પ્રશ્ન તૈયાર કરો અને પૂજ્યશ્રી પોતાના શાસ્ત્ર અને મંતવ્ય આધારિત સરળ ઉત્તર આપે... આ પ્રક્રિયા ભક્તોની વિષય સમજને બળવાન બનાવે...

(૪) સંગીત કલા... પૂજ્યશ્રીની હાજરીમાં આપ નિર્ભયપણે કોઇપણ ગરબો, ગીત રજૂ કરીને આપની સંગીત આરાધનાને પ્રદર્શિત કરી શકો... કેટલાય નાના નાના બાળ પૂજ્યશ્રી પાસે બેસીને સુંદર કંઠમાં ગાય અને આશીર્વાદ પ્રાપ્ત કરે ત્યારે થાય, કે પૂજ્યશ્રી આધ્યાત્મમાં સંગીતને પણ કેટલું સુંદર સાંકળે છે અને મહત્ત્વ આપે છે.

(૫) વાદ્ય કલા... જૂદા જૂદા વાદ્યોની જાણકારી વાળા ભક્તો કુટીરમાં ત્થા આઠમે વાદ્ય કલાનું પ્રદર્શન કરી શકે. એમની કલાને પૂજ્યશ્રીની સીધી પ્રેરણા અને પ્રોત્સાહન મળે. વાદ્ય ચાહે માત્ર મંજીરા



Scanned by CamScanner

હોય કે કરતાલ... કેસીયો હોય કે વાંસળી... પૂજ્યશ્રી દરેક કલાકારને સરખું મહત્ત્વ આપે... સંગીત વાદ્યથી ઉજળું છે એ ખરૂં પણ એકલું વાદ્ય પણ ગુરૂજીને પ્રિય છે.

(૬) નૃત્ય કલા... દર સુદ આઠમને દિવસે બ્હેનો ત્યા ભાઇઓ ગરબા રમે... કોઇ એક તાળી કે ત્રણ તાળી... કોઇ દોઢિયું કે પાંચીયું... કોઇ હીંચ કે રાસમાં... જેની જેવી શક્તિ... પણ ગુરૂજી દરેકની ભક્તિ અને શક્તિ નિહાળે અને આશીર્વાદ આપે. કેટલીક બ્હેનો તો શરૂથી અંત સુધી ગરબામાં રમે... અને ભાવવિભોર બની જાય... ગુરૂદેવની અમીદૃષ્ટિ એમના જોમ અને ઉત્સાહમાં વધારો કરતી જ જાય...

(૭) લેખન કળા... કેટલાક ભક્તો વિષય વસ્તુનું સુંદર આલેખન કરી શકે. પૂજ્યશ્રીના જીવનના અવનવા પ્રસંગોને ખુબ સુંદર રીતે શબ્દોથી શણગારે અને કુટીરમાં રજૂ કરે. પૂજ્યશ્રી પ્રેમથી આ લેખન કળાને સાંભળે અને ઉત્સાહથી વધાવે ત્યારે લખનારના આત્મવિશ્વાસમાં ગજબ વધારો થાય... ભૂલ હોય ત્યાં ટકોરે પણ ખરા... પણ ભક્તોના ભાવને અને કળાને બિરદાવે જરૂર...

(૮) કાવ્ય શક્તિ... આજના જમાનામાં કાવ્ય રચનાના નિયમોને ઉંચે મૂકીને માત્ર ભાવથી સ્વરચિત કાવ્ય પંક્તિઓને અથવા કાવ્ય શબ્દોને પણ પૂજ્યશ્રી આવકારે... ભક્તો, પૂજ્યશ્રીના સેવાયજ્ઞ, કાર્યજ્ઞય અથવા પ્રસંગો આધારિત પોતાની ઉર્મિઓને કાવ્ય રૂપે રજૂ કરીને પણ પૂજ્યશ્રીનો સ્નેહ પ્રાપ્ત કરે છે...

(૯) ચર્ચા શક્તિ... કૂટીરમાં ક્યારેક સાંસારિક વિષય પર, ક્યારેક ધાર્મિક વિષય પર અથવા માતાજીના સાક્ષાત્કાર કે અન્ય પ્રસંગો પર ચર્ચા થાય... કેટલાક સ્વ અનુભવ પણ રજૂ કરે... વ્યક્તિઓના જૂથ અથવા સમૂહ વચ્ચે, પૂર્વગ્રહ કે મનદુઃખ ન થાય એવી કાળજી સાથે ચર્ચા કરવી એ પણ એક કળા છે. ચર્ચા શક્તિને પણ પૂજ્યશ્રી બિરદાવે છે જ્યાં સુધી એ સ્વાર્થ રહિત હોય અને નિખાલસ હોય...

અને છેલ્લે બાકી હતું તે એમણે કથા શક્તિને પણ આશીર્વાદથી છલકાવી દીધી. પોતાની હાજરીમાં, પોતે શ્રોતા બનીને ભક્તની કથાશક્તિને જ્યારે તેઓએ સતત નવ દિવસ સુધી પ્રોત્સાહન આપ્યું ત્યારે ભક્ત સમુદાય એમની કલા પ્રોત્સાહન દૃષ્ટિકોણને કોટિ કોટિ વંદન કરી રહ્યો. એમના સાનિધ્યમાં કથા શ્રવણ કરનાર અનેક જન્મોનું પુણ્ય કમાઇ ગયો તો કથાકાર તો આજીવન ધન્ય થઇ ગયો. એની યશકીર્તિ સદાય ઝળકતી રહેશે એ નિર્વિવાદ થઇ ગયું... આપણે પણ પ્રાર્થીએ કે ભાઇશ્રી મુંજાલની કથા શક્તિની સુગંધ દેશ પરદેશમાં પ્રસરે અને આપણે સૌ ગૌરવ અનુભવીએ...

માત્ર આધ્યત્મ જ નહીં, સંસારમય રહીને સંસારથી પર, સમાજમાં રહીને સમાજથી દૂર, ભક્તોની વચ્ચે રહીને પણ ભગવાનની પાસે, દુઃખો દૂર કરીને પણ સુખમય અને સત્સંગ કુટીરમાં બેસીને પણ કલા પૂજારીની કુટીરને કલા મંદિર તરીકે ઓળખીએ તો તે જ યોગ્ય ગણાશે.

પૂજ્યશ્રીની કલા દૃષ્ટિ, પ્રોત્સાહન અને અમીમય પ્રેરણાને અમારા સૌ ભક્તોનાં કોટિ કોટિ વંદન.

**ૐ મા ૐ**



Scanned by CamScanner

# પરમ - શક્તિ ચાલિસા

ઉમાસુત, ગણપતિ ગણરાજા મંગલમૂર્તિ માણેરે,
પરમશક્તિ પરમેશ્વરી! તમને શિવ બની શિવ સાધેરે......૧.

જગદગુરૂ, જગવદંન કરતું, સદાચાર શીલ સંયમ રે,
મન-વાણી-કર્મ ' મા' જપતું, રાજયોગી હૃદયંગમ રે......૨.

નિરાકાર, આકારો આગણિત, વેદ ગણિત શું માંડે રે !
' નેતિ નેતિ' આખર તો જગ તું ! મન માનવી જાણે રે......૩.

સૂરજ સોમમાં તેજ સ્વરૂપે વ્યોમ અનન્તે ભાસેરે,
શિવા-શંકરી ત્રણે ભુવનમાં સત્ય પરમ થઈ વ્યાપેરે......૪.

હસે હોઠ પર સદા અકારણ, કારણને શું કારણ રે!
વિરાટને કહેવું શું વામન! મોર મનોરથ જાણે રે......૫.

પ્રેમ-પુષ્પ પરમેશ્વરિ! દેતાં પરમશક્તિ પરચે જીરે,
સ્મરણ " ૐ મા ૐ" થકી તો જ્યોતથઈ જ્યોત ઝગેરજી રે......૬.

રાજયોગી જનની જગમાંહી જીવ સકળમાં વ્યાપેરે,
સત્વ-રજસ-તમ ત્રિગુણ બનીને શક્તિ સકળમાં સ્થાપેરે......૭.

આદ્યશક્તિ અંબા કહું તમને જગ ગાયત્રી જાણે રે,
રાજયોગી માતર હું તમને 'પ્યાર' કહી દઉં ચાલે રે......૮.

પ્રેમતણી ઓ પરમ સ્ત્રોત તું ભિંજાવી બસ રાખને રે,
નહીં ભાગીરથી, ગંગા પણ નહિ, મંદાકીની માગું રે......૯.

"ગરજવરસ" ઝખું ના જો જે ઝરમર ઝરમર થાવું રે,
મને મેઘ-મસ્તીમાં તારી સદા રમંતો રાખ તું રે......૧૦.

સત્ય-શિવ-સુંદર 'મા' શોભે ૐ કાર બે મધ્યે રે,
બાળ રાજયોગી જન જપતાં સહજ સમાધિ સાધે રે......૧૧.

માનવને મા નવ પણ ગમતું ફૂલ બને તો ચાલે રે,
ફૂલ બની ફોરમ દે તમને મિલન મધુરું માણે રે......૧૨.

મહેશ્વરી, મતવાલી માતા, પરમશક્તિ સંબોધે રે,
દયાવ્રતિ, દાનેશ્વરિ દુર્ગા સકળ જીવ-શીશ નામે રે......૧૩.



Scanned by CamScanner

પંચ તત્વમાં પ્રાણ પરોવી પુરૂષ પ્રકૃતિ પોષે રે,
પરમ તત્વ 'માતા'તું થઈને જતન જગતનું જાણે રે......૧૪.

"સત્વ" બની સંતો ને પોષે 'રજસ' રમાડે જગને રે,
"તમસ" બની સંકલે માયા, ચક્ર રમત તું રમતી રે......૧૫.

યોગેશ્વરમાં યોગ બની તું, યોગીશ્વરી શંકરમાં તું,
બ્રહ્મ મહીં તું બ્રહ્માનંદે વિરાજતી અણું અણુંમાં રે......૧૬.

ભવ-ભવ વિભવ પરાભવકારી, કલ્યાણી કામણ કરનારી,
વિશ્વ વિમોહન પણ તું કારી, નમે બુધ્ધિ,તન,મન જી રે......૧૭.

ઊંચાં મૂળ આકાશો આંબે શાખ પ્રશાખા પાતાળે,
વેદમાત ઓળખવા દેજો ગંગ સમું મન નિર્મળ રે......૧૮.

ખુંદી કંદારા, શિખર, તળેટી ગિરિ-રાજ ગરિમાં રે,
દીઠા શિવ કૈલાસે તરતા પરમશક્તિ પરમેશ્વરિ રે......૧૯.

આદિ-મધ્ય નથી અન્ત તમારો, અકળીત અક્ષરધામ જી,
પરમશક્તિ અક્ષયપદ દેતી ક્ષર-અક્ષર થઈ જગને રે......૨૦.

અન્નપૂર્ણે, અન્યય, અવિનાશી, અવરિત, અક્ષય ઉપકારી,
ધરી ખાલી અંતર ઝોળી 'મા' કૃપા ભીખ ભરપુર જી......૨૧.

સમ્રજ્ઞી-સુત બાળ કહીને સંત કહી સૌ નામે રે,
રસૌ તૈ સઃ - રાજયોગીને પ્રણિપાત જગ જાણે રે......૨૨.

ઉમા કહી ઉર ઉમટી જાતું શંકરિ સર સંધાન જી રે,
અગોચર ગોચરમાં ઘૂમતી, (મુજ) ગુણ ગાયત્રી ગાણું રે......૨૩.

પરમશક્તિ 'કાલી' રૂપે તું તુમુલ તિમિરને ટાળે રે,
વળી શારદા થઈ જગ-અંતર જ્ઞાન જ્યોત પ્રગટાવે રે......૨૪.

હરિપ્રિયા પાછળ જગફરતું લખ ચોરાસી ફેરા રે,
બની હાથ પકડે પાલવ તો વસે, તંબુ 'મા' ડેરા રે......૨૫.

રાજયોગી રસરંજન કાજે નવે નોરતે સાથ રે,
બાળ માતની વાત સમજવા સુરગણ સૌ મીટ માંડે રે......૨૬.

તાલ વ્હાલ વહેતા વિનિમયને બાળ માત બે જાણે રે,
ઋષિ, મુનિ,યોગી જન સઘળા, 'વિસ્મય' વાતો માણે રે......૨૭.



Scanned by CamScanner

ત્રિવિધ તાપ, રિપુષડ થઈ ભેગા ધખે ધોમ નવ નાતે રે,
નવ સૂત્રે નર ઈન્દ્ર જે સૌની ભવની ભાવટ ભાંગે રે......૨૮.

મળી ભાળ બાળકમાં, જનની! સખા, પિતા, બંધુ સૌ રે,
પરમદાન દેજો દિન જનને સદાકાળ સાથી થૈ ને રે......૨૯.

પી એ બાળ બ્રહ્માનંદ પ્યાલો સુગ સંસારે લાગી રે,
ઘૂટેઘૂંટ ધરાતી મસ્તી, મસ્ત ફકીરી ફાલી રે......૩૦.

બની બાળ બેઠા બારણીએ, ધર્યા વેદ માતે શિત પર,
રાજયોગી રસમસ્તી રેલી, ધર્યા હસ્ત 'મા' એ શિર પર રે......૩૧.

ગગન-કહું! સાગર કહી દઉં શું ? ગાગરે ગુણ સમે શું જી રે,
પરમશક્તિ "કારણ" જગતનું તું, "કારણ" કાળી કો જાણે રે......૩૨.

જીવ સકળની સુખ સંચારક, વેદમાત રક્ષક તું રે,
સકળ યોગીની તું અધિકારી પરમશક્તિ પરમેશ્વરી રે......૩૩.

નિજ ધર્મે નિર્ધારિક કરતી, શિષ્ટ જ્ઞાન દિપક ધરતી,
ભક્ત દુઃખ મૂળ છેદન કરતી પરમતત્વ પરમેશ્વરી રે......૩૪.

શ્રધ્ધા-શરણાગતિ સોપાનો, માત મહેલ મધ્યે જી રે,
હૃદય-સિંહાસન ઉપર વિરાજે, પરમશક્તિ પરમેશ્વરી રે......૩૫.

દુર્ગે-દુર્વૃતિ દૂર કરીને દુઃખ દારિદ્ર ભય ટાળે રે,
નવે-દુર્ગા નવ ભક્તિ ભરતાં, જીવગતિ શિવપ્રતિ માંડે રે......૩૬.

સકળ ભૂતમાં વાસ કરીને ક્ષુધા-તૃપ્તિ બે સાથે રે,
વસે, શાંતિ ક્રાંતિ થઈ સાથે જીવ શરણમાં સ્થાપે રે......૩૭.

ક્ષમારૂપે ક્ષીરસાગર વસતી, દયા વસી દીન દુઃખી પેરે,
ધૃતિ ધરી ધારણ જગ કરતી, કુંડલિ-શક્તિ સ્વરૂપિણી રે......૩૮.

નથી ધર્મ ના કરમ સમજતો, શાસ્ત્ર તણો નહિ સાર જી રે,
પરમશક્તિ શરણે સરકી જઈ 'સતીશ' ભાગ્ય ભોગવતો રે......૩૯.

ગુણ-સાગર, ગુણમોજા ગણતાં જ્ઞાન કિનારા થાકે રે,
પરમશક્તિ ચાલીસા ભણતાં ભવસાગર ભય ભાગે રે......૪૦.

- સતીશ ભટ્ટ -



Scanned by CamScanner

# "પરમ શક્તિ હે!"

મુંજાલ દવે

તા. ૯-૧૨-૯૭

(રાગ - રાજયોગી હે! દિવ્યયોગી હે!)

વેદમાત હે! વિશ્વમાત હે!
પરમશક્તિ હે! પ્રણવશક્તિ હે!
હૃદય મંદિરે પરમ પ્રેમની -
પુનિત, દિવ્ય મેં પાટ પાથરી,
ભાવથી ભીની થાય આંખડી
પ્રગટવા તણી માત થૈ ઘડી... વેદમાત હે!

મધુર આપના પદનૂપુર તો -
નાદ ઝીલવા શ્રવણ ચાહતાં
પૃથ્વી પર ધરો પદકમલ તણી
મધુર મધુર મા! સ્પર્શ માધુરી!... વેદમાત હે!

મયુર બાળનું થનગને હૃદય,
સતત નર્તતુ મા કને હૃદય!
માત અર્પિયુ આપને હૃદય
આપનું મૃદુ દયો મને હૃદય!... વેદમાત હે!

રાજહંસ ને મયુર આસની,
વ્યો ઘૂમતી અશ્વવાહની!
ભક્ત બાળના હૃદયકંજ પર
નિત બિરાજતી વિશ્વપાવની... વેદમાત હે!

સતત આપનું વ્હાલ વર્ષજો,
પાટ ઉત્સવો પ્રતિપળે થજો!
માત - બાળને મુંજ વિનવું
કાળજે કરી કુટીર - આવજો!... વેદમાત હે!

Scanned by CamScanner

Scanned by CamScanner